# અમર જીવન




- શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**


**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




**e-book**

| | |
|---|---|
| Title | : Amar Jivan (અમર જીવન) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 44 |
| Created | : July 23rd 2021 |



*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

*

## સ્વકીય



તા. ૨૨-૩-૮૩ મંગળવારે પૂ. શ્રી યોગેશ્વરજી દક્ષિણ આફ્રિકાના પ્રવાસ પછી કપૂરા પધાર્યા. તે જ દિવસે 'મા' સર્વેશ્વરીના માતાજીનો સ્વર્ગવાસ થયો હતો. તે પ્રસંગે તેમના નિવાસ સ્થાને દરરોજ સાંજે સમુહ પ્રાર્થના થતી તે પ્રાર્થના સભામાં પૂ. શ્રી યોગેશ્વરજીએ મૃત્યુ ઉપર જે મનનીય વાર્તાલાપો આપ્યા હતા તેનો આ સંગ્રહ છે.

આ સંગ્રહ અમર જીવનને નામે પ્રસિદ્ધ થઈ રહ્યો છે.

આ આવૃત્તિનો પ્રકાશન ખર્ચ કપૂરાના શ્રી વામનભાઈ કાલીદાસભાઈ તરફથી મળેલ છે. તેમણે તેમના માતા-પિતાની પુણ્યસ્મૃતિમાં તે પ્રકાશિત થાય તેવી ભાવના વ્યક્ત કરી છે. તેમને હાર્દિક ધન્યવાદ.

જેમનું જીવન અમર છે. સંદેશ અમર છે તે મહાપુરૂષ પૂ. શ્રી યોગેશ્વરજીના શ્રીચરણોમાં આ પુષ્પ અર્પણ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:.

* * *

## અનુક્રમણિકા

# અમર જીવન

**૧. પ્રથમ પ્રવચન** **(૧૨)**

નિષ્કુળાનંદજીનું પદ - જનની જીવો રે ગોપીચંદની * મૃત્યુની કલ્પના * ગોપીચંદ અને માતા મેનાવતી * બે વિભિન્ન માર્ગ * માતાજી જ્યોતિર્મયીની મહાનતા * સંસારની અસારતા * ક્યા ગુમાન કરના વે - કબીર સાહેબનું પદ * રીટર્ન ટિકીટ * અદલાબદલી * નિષ્કપટતા * મા સર્વેશ્વરીના માતાજી * સુખનો રાજમાર્ગ * બે પ્રકારની સંભાળ * નિર્મળતાની આવશ્યકતા * રામનો અર્થ * શાંતિપાઠ *

**૨. બીજું પ્રવચન** **(૧૬)**

ભજન - હેતે હરિરસ પીજીયે * ધીરા ભગતનો પ્રસંગ * મહાપુરુષોના મન * ગાંધીજીનો પ્રસંગ * ઋણાનુબંધ * આત્માનો નાશ નથી * ભજ ગોવિંદમ * ભક્તોના માતાપિતાને ધન્યવાદ * મા સર્વેશ્વરીનો ત્યાગ * ચિંતા સ્વાભાવિક * પ્રસિદ્ધ સ્ત્રી સંતો * મરણમાંથી પ્રેરણા * જવાનું ચોક્કસ * આત્મા અવિનાશી છે * એકાદશી * શરીર એક ભાડૂતી ઘર * પૂજ્ય મા – આધુનિક યુગના મીરાં * મૃત્યુથી જાગૃતિ * જીવનમાં ઉતારીએ *

**૩. ત્રીજું પ્રવચન** **(૨૬)**

પાસપોર્ટની આવશ્યકતા * માનવશરીર - એક પાસપોર્ટ * વીઝા - જીવનની સમયમર્યાદા * જવા માટેની તૈયારી * સંસૃતિનું ચક્ર * મહાત્માને વિદાય આપવાનો પ્રસંગ * ઋણાનુબંધ * સમય જતાં દુઃખ હળવું બને * મસૂરીની ચિત્રશાળાના ગુરુજી * સત્સંગનો પ્રભાવ * ગુરુજીના મનની સ્થિરતા * અંતિમ મુલાકાત * કાળને યાદ કરો * મા સર્વેશ્વરીની દશા * આવો અવસર ફેર ન આવે * ભગવાન બુદ્ધનો પ્રસંગ * સંસારની વિનાશશીલતાનો વિચાર * એક ભાઈનો પ્રસંગ * હાર્ટ એટેકનો પ્રસંગ * સત્સંગપ્રૂફ શ્રોતાઓ * મરણપ્રસંગમાંથી બોધ * માતાજીની અંતિમ અવસ્થા * કેવું જીવન જીવવું * નિંદ્રા - મરણની નાની આવૃત્તિ

* * *

પૂ.મા સર્વેશ્વરીના માતાજી

# ભીખીબા



માતાશ્રી ભીખીબા

## ૧. પ્રથમ પ્રવચન

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી.

ધન્ય ધન્ય માતા ધ્રુવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજ સાજ સુખ પરહરી વેગે ચાલીયા વનજી.

ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યો વાજંદજી;
તેને રે દેખી ત્રાસ ઊપન્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી.

ભલો રે ત્યાગ ભરથરી તણો તજી સોળસેં નાર જી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બહારજી.

એ વૈરાગ્યવન્તને જાઉં વારણે; બીજા ગયા રે અનેકજી;
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં નાવે છેક જી.

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી;
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વ સુપંન-વેવારજી;

છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે સુણો સુપંનજી.

સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુલાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમ જી

<u>મૃત્યુની કલ્પના</u>

મૃત્યુની કલ્પના ને મૃત્યુનાં વર્ણનો અનેક પ્રકારના લેખકો અને કવિઓએ પોતપોતાની ભાષામાં પોતપોતાની બુદ્ધિ અને અનુભૂતિ પ્રમાણે કર્યાં છે. કેટલાંક વર્ણનો અંતરને સ્પર્શી જાય તેવાં, અસર કરે તેવાં છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે મૃત્યુ વિશે એક સુંદર કલ્પના કરી છે. પોતાના એક કાવ્યમાં રવીન્દ્રનાથ ટાગોર એક સ્ત્રીને યાદ કરે છે. તે સ્ત્રીની છાતી ઉપર એનું પોતાનું નાનું બાળક બેઠેલું છે. પયઃપાન કરી રહ્યું છે. છાતીના એક ભાગનું પયઃપાન કરી રહેલા તે બાળકને માતા ત્યાંથી થોડે દૂર કરી અને છાતીના બીજા ભાગ ઉપર પયઃપાન કરવાને માટે લગાડી દે છે. વચગાળાના વખતમાં બાળકને એમ લાગે છે કે મને મળેલું મોટામાં મોટું ધન જતું રહ્યું. વચગાળાનો થોડા વખતનો સમય. અને વળી પાછું જ્યારે છાતીના બીજા

પ્રદેશ તરફ બાળકના મોઢાંને લગાડવામાં આવે છે ત્યારે બાળકને વળી પાછી શાંતિ, વળી પાછો સંતોષ થાય છે. અને બાળક પયઃપાન કરવાની પ્રવૃત્તિમાં લાગી જાય છે.

ટાગોર કહે છે કે આ મરણ અને જન્મ. જેવી રીતે માતાની છાતી પરનું બાળક એક ઠેકાણે પયઃપાન કરતું હોય તેવી રીતે આ જીવ જગતની અંદર શરીર ધારણ કરીને પોતપોતાના કર્મને અનુસરીને, કર્મને લીધે પ્રાપ્ત થનારા સુખ અને દુઃખનો અનુભવ કરે છે. પંચમહાભૂતનું ક્લેવર છૂટી જાય, પિંજરમાંથી પંખી ઊડી જાય, ત્યારે થોડા વખત માટે એમ લાગે છે કે કર્મના સંસ્કારો શાંત થયા, ઋણાનુબંધો શાંત થયા. પરન્તુ વળી પ્રકૃતિરૂપી માતા તે જીવને બીજે ઠેકાણે લગાડી દે છે. વળી પાછો જન્મ મળે. રેલગાડીના એક ડબ્બામાંથી ઉતરેલો પ્રવાસી થોડા વખતને માટે પ્લેટફોર્મ પર રાહ જુએ અને તેને બદલવાની બીજી ગાડી આવે એટલે તેમાં બેસી જાય. તેવી રીતનું આ જીવન છે. સૂર્ય અસ્તાચલ પર પહોંચી જાય અને આપણને દેખાય નહીં ત્યારે આપણને એમ લાગે કે સૂર્યનો અંત આવી ગયો. ચારે તરફ અંધકાર છવાઈ ગયો; પરંતુ દુનિયાના બીજા પ્રદેશોમાં, અમેરિકા જેવા પ્રદેશમાં, વળી પાછો સૂર્યોદય થાય. સૂર્યનો કદાપિ નાશ થઈ શકે નહીં. એવી રીતે કર્મ ચાલુ જ રહ્યા કરે.

पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननी जठरे शयनम्।

ફરી પાછો જન્મ; ફરી પાછું મરણ; વળી પાછું માતાના ઉદરની અંદર પ્રવેશ કરવાનું. શયન કરવાનું. વળી પાછું બહાર આવવાનું. જ્યાં સુધી વાસનાઓ નિર્મૂળ થાય નહીં, જ્યાં સુધી સ્વરૂપને અથવા પરમાત્મ તત્ત્વને ઓળખી લેવામાં આવે નહીં, ત્યાં સુધી આ જન્મ ને મરણનું ચક્ર ચાલ્યા જ કરે. કોઈ વિરલા જીવો જ એવા હોય જે સંસારની અસારતાને સમજે ને પ્રભુ તરફ વળે.

<u>ગોપીચંદ અને માતા મેનાવતી</u>

હમણાં આપણે સાંભળ્યું કે ‘જનની જીવો રે ગોપીચંદની. કવિએ તેને કવિતામાં શા માટે સ્થાન આપ્યું? સ્વામીનારાયણ સંપ્રદાયના સર્વોત્તમ કક્ષાના સંતપુરુષ નિષ્કુળાનંદે આ પદ લખ્યું. ગોપીચંદની જનની મેનાવતી ગોપીચંદને સ્નાન કરાવી રહી હતી. સ્નાન કરાવતાં કરાવતાં એની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

ગોપીચંદે પૂછ્યું કે કેમ રડવું આવે છે?

માતાએ કહ્યું કાંઈ નહીં.

ગોપીચંદે કહ્યું, રુદન કાંઈ એમ નેમ આવે નહીં. તારી આંખમાંથી આંસુ ટપકે છે.

ગોપીચંદની માતા-મેનાવતીએ કહ્યું, મારી આંખમાંથી આંસુ એટલા માટે ટપકે છે કે તારું શરીર કેટલું બધું સુંદર છે!

ગોપીચંદે કહ્યું, એ તો પ્રસન્નતાનો વિષય ગણાય.

માતાએ કહ્યું, એ બરાબર પરન્તુ મને વિચાર આવે છે કે આ શરીર ઉપર પણ કાળ કૃપા નહીં કરે. આ શરીર પણ એક દિવસ ભસ્મીભૂત થઈ જશે.

ગોપીચંદે કહ્યું કે માતા, બીજો કોઈ માર્ગ છે ખરો? કોઈ વિકલ્પ છે? સંસારના બધા જ પદાર્થો પરિવર્તનશીલ છે, ક્ષણભંગુર છે. એમાંથી છૂટવા માટે કોઈ રસ્તો ખરો કે જેથી માનવ કાળનો પણ સ્વામી બની શકે, કાળનો વિજેતા થઈ શકે?

બે વિભિન્ન માર્ગ

માતાએ કહ્યું, માર્ગ છે. અહીં બે માર્ગો છે. એક માર્ગ છે સંસારના ભોગોનો. જેમાં આસક્ત થઈને માનવ પોતાના સ્વરૂપને ભૂલી જાય ને ભવાટવીમાં ભટકે છે. બીજો માર્ગ છે યોગનો. સદ્ગુરૂના શ્રી ચરણોમાં બેસીને તેમના મંગલ માર્ગદર્શનને અનુસરીને ધ્યાન, ધારણા, પ્રાણાયામ, સમાધિ, આત્મજ્ઞાનનો આધાર લેવામાં આવે તો માનવ જન્મમરણના બંધનમાંથી મુક્તિ મેળવે. સર્વ પ્રકારે સુખ અને શાંતિના સરોવરમાં સ્નાન કરીને પોતાના જીવનને કૃતાર્થ બનાવી શકે. હું ઈચ્છું કે તું યોગના માર્ગે આગળ વધ.

તું યોગના માર્ગે આગળ વધીશ તો તને જોઈને મારો આત્મા બહુ પ્રસન્ન થશે. કારણ કે રાજાઓ તો સંસારમાં અનેક થશે પરન્તુ રાજાઓનો રાજા-મહારાજાધિરાજ, જે સંસારનો સ્વામી છે, તેને પ્રાપ્ત કરવા માટે, એનો સાક્ષાત્કાર કરવાને માટે જે સંકલ્પ કરતા હોય અને એ સંકલ્પને જીવનમાં ઉતારતા હોય, તેવા મહાવીર પુરુષો સંસારના ઈતિહાસમાં ઓછા હોય. તું તેવો મહાવીર બને એવું હું ઈચ્છું છું.

ગોપીચંદની માતા આદર્શ માતા હતી. ગોપીચંદે ત્યાં જ સંકલ્પ કરી લીધો કે મારે યોગી બનવું છે. એ નીકળી પડ્યાં. તે વખતે ઉજ્જૈન નગરીમાં ભર્તૃહરિ નિવાસ કરતા હતા. તે ગોપીચંદના મામા થતા હતા. ગોપીચંદ તેમની પાસે પહોંચી ગયા ને કહ્યું કે મારે યોગી થવું છે. તો ભર્તૃહરિએ કહ્યું, બહુ સારી વાત છે. પણ યોગી થવા માટે ઘણી સારી ભૂમિકા જોઈશે. ઘણી અસાધારણ યોગ્યતા જોઈશે. તારે તપવું પડશે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો પડશે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું પડશે. વરસો સુધી સદ્ગુરૂની સેવા કરવી પડશે. ગોપીચંદે તે માટે તૈયારી બતાવી અને પરિણામે ગોપીચંદે ઊંચામાં ઊંચી અવસ્થાની પ્રાપ્તિ કરી.

આપણે ત્યાં છોકરાઓ જપ કરતાં હોય તો મા-બાપ તેમને કહે કે અત્યારથી શું છે? અમે ઘડપણમાં નથી કરતાં ને તું કરવા બેઠો! સત્સંગમાં જવાનું નામ લે તો કહે સત્સંગ વળી શું? અત્યારથી સત્સંગની શી ઉતાવળ છે? સાઠ કે પાંસઠ વરસ પછી બરાબર છે. ગીતાની ચોપડી લઈને છોકરાઓ બેસે તો પણ ઘણા માબાપને ગમે નહીં. સંતોનો સમાગમ કરે તો પણ ગમે નહીં. જેનું જીવન સંસારની વાસનાઓથી ભરેલું છે, તેવા લોકો બીજા પણ સંસારના પ્રવાહમાં ચાલે તેવું ઈચ્છે. ગોપીચંદની માતા જેવી માતા તો ક્યાંક જ જડે.

માતાજીની મહાનતા

મને, હું જ્યારે સૌથી પ્રથમ હિમાલય જવા નીકળેલો એ વખતની વાત યાદ આવે છે. અમદાવાદની પાસે સરોડા નાનું સરખું ગામ. પૂર્વજન્મના સંસ્કારે મને એમ થયું કે યોગી જ બનવું અને જનતા જનાર્દનની સેવા કરવી. એટલે હિમાલય જવા નીકળ્યો તે પહેલાં ઘેર જઈને મેં મારાં માતાજીને વાત કરી. વિધવા માતા. માથા પર દેવું. ગરીબીનો પાર નહીં. બીજું કોઈ કમાનારૂં નહીં. મારા પર જ આશા. હિમાલય જતાં પહેલા મેં મુંબઈમાં હાઈસ્કુલ અને કોલેજનો અભ્યાસ કરેલો. માતાને સ્વાભાવિક રીતે એવી આશા રહે કે

છોકરો મોટો થયા પછી કંઈક કમાય. ત્યાં મેં જઈને વાત મૂકી કે મારે હિમાલય જવું છે. પ્રભુનાં દર્શન કર્યા સિવાય મને ચેન નહીં પડે. તો માતાજીએ જરાય વિરોધ ના કર્યો. સરોડાથી બે ગાઉ દૂર એક ગામ. ત્યાં માળી રહે. ત્યાં ફૂલ થાય. અમારા ગામમાં ફૂલ થાય નહીં. તેમણે માળીને બોલાવ્યો. ફૂલની માળા તૈયાર કરી અને મારે નીકળવાનું હતું તો મને માળા પહેરાવી.

માતાજીએ મને કહ્યું કે વાંધો નહીં. આ સારામાં સારો માર્ગ છે. આમાં જીવનનું કલ્યાણ છે.

કયી માતા આવું કહી શકે? અને તે માતાનું સૌભાગ્ય કે પછી તેઓ મારી સાથે ૩૨ વરસ રહી શક્યા. ૧૯૭૭ અને ૧૯૭૮માં મારે બે વાર ઈંગ્લેન્ડ અને કેનેડાના પ્રવાસે જવાનું થયું તો હું માતાજીને સાથે લઈને ગયો. ચાર ચાર મહિના સુધી. માતૃદેવો ભવ. માતા જ પ્રત્યક્ષ દેવતા છે. તેની સેવામાં બધાં તીર્થો આવી જાય. તેની સેવામાં સકળ નદીઓનું સ્નાન આવી જાય. બધા યજ્ઞો આવી જાય. આવી મારી માન્યતા હતી. એટલે જ્યારે મને શાંતિ મળી અને માતાજીના સંસારના બધા જ સંસ્કારો પૂરા થઈ ગયા તો મેં કહ્યું કે આવો ને મારી સાથે રહો. અને ૩૨ વરસ સુધી તે મારી સાથે જ રહ્યાં.

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી.

મને કાંઈ વૈરાગ્ય પ્રેરવાનો ન હતો. હું તો પૂર્વજન્મના સંસ્કારો લઈને જ આવ્યો હતો. પરંતુ તેમણે ટેકો આપ્યો. બિલકુલ વિરોધ ન કર્યો.

કવિએ અહીં માતાને યાદ કરી છે.

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી.

સંસારની અસારતાને સુચારૂ રૂપે સમજીને ગોપીચંદે નાનપણમાં તપશ્ચર્યા કરી. સિદ્ધિ પ્રાપ્ત કરી, મુક્તિ પ્રાપ્ત કરી. અનેક જીવોને તે માર્ગે વાળ્યા. દોરવણી આપી. પ્રેરણા પ્રદાન કરી.

<u>સંસારની અસારતા</u>

પરમાત્માની પ્રાપ્તિ કરવા, પરમાત્માની કૃપા મેળવવા, સંસારની અસારતાને બરાબર સમજવી પડે. જીવ નથી સમજતો. તેની આગળ અજ્ઞાનનાં આવરણ આવી જાય છે. મોહના મોતિયા તેની અંતઃકરણરૂપી આંખની અંદર આવી જાય છે. તેને લીધે તેને સત્ય સમજાતું નથી. અને એ ભવાટવીમાં ભમે છે.

કોઈનું મરણ થાય ત્યારે ઘડી-બે ઘડી આપણને થાય કે કંઈક કરવું જોઈએ. પણ જેમ જેમ દિવસો વીતે, તેમ આપણે જેવા હતા એવા ને એવા જ થઈ જઈએ. કોઈક જ જીવ જાગે. કોઈક જ તેજીને ટકોરો વાગે. તે વૈરાગ્યવાળો થાય. પ્રભુને માર્ગે આગળ ચાલે અને આનંદ કરે.

રાજા બેઠો હતો. પૂનમનો ચંદ્ર પ્રકાશી રહ્યો હતો. આજુબાજુ સેવકો હતા. ભાટચારણો ગુણગાન કરતા હતા. રાજા, તમારે ત્યાં ચિત્તનું હરણ કરનારી, સૌંદર્ય અને યૌવનથી ભરપૂર સ્ત્રીઓ છે. તમારા બધા સ્વજન અનુકૂળ છે. તમે નોકરોને બોલાવો એટલે હાજી કરીને ઊભા રહે. તમારે ત્યાં ઘોડાઓ, હાથીઓનો પાર નથી. આ બધું તમારે ત્યાં છે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः।
सद् बान्धवाः प्रणतिमगर्भगिरश्च भृत्याः।

**गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः।**

પછી આગળનું કાંઈ સૂઝ્યું નહીં એટલે ભાટચારણો ઊભા રહ્યા. વારંવાર ત્રણ લીટી બોલ્યા જ કરે. ચોથી લીટી યાદ આવે જ નહીં.

બાજુના રાજમાર્ગ પરથી એક સંત પસાર થતા હતા. એ આ બધું સાંભળ્યા કરતા હતા.

તે તરત જ બોલ્યાઃ

**सम्मीलने नयनयोर्नहि किंचिदस्ति ॥**

રાજા, આ બધું તો આંખ ઉઘાડી છે ત્યાં સુધી છે. આંખ બંધ થઈ જશે પછી આમાંનું કંઈ નહીં હોય.

<u>મિટ્ટી સે મિલ જાના</u>

કબીર સાહેબે ગાયું છે કે

**ક્યા ગુમાન કરના વે, મિટ્ટી સે મિલ જાના હૈ.**
**મિટ્ટી ખોદકર મહલ બનાયા, ગમાર કહે ઘર મેરા.**
**આ ગયા ભઁવરા ઔર લે ગયા જી, ઘર તેરા નહીં મેરા ... ક્યા ગુમાન કરના વે.**
**મિટ્ટી ખાના, મિટ્ટી પીના, મિટ્ટી કરના ભોગ,**
**મિટ્ટી સે મિટ્ટી મિલ ગઈ તો ઉપર ચલે સબ લોગ .. ક્યા ગુમાન કરના વે**
**હાડ જલે જૈસે લકડી કી મૂલી, કેશ જલે જૈસે ઘાસા,**
**સોના સરીખી કાયા જલ ગઈ, કોઈ ન આવે પાસા .... ક્યા ગુમાન કરના વે.**
**કહત કબીર સુનો ભાઈ સાધુ જૂઠી હૈ સબ માયા**
**ભજન કરો કછુ ધ્યાન ધરો, પવિત્ર હોગી કાયા ... ક્યા ગુમાન કરના વે.**

*

રાજાએ કહ્યું, આ કોણ બોલ્યું? ચોથા ચરણની પૂર્તિ કોણે કરી? બોલાવો એને.

સંતને બોલાવ્યા.

સંતે કહ્યું, મેં તો જે સાચું હતું તે તમને કહ્યું. ભાટચારણો તમને અહંકારથી ઉન્મત્ત કર્યા કરતા હતા. વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપતા ન હતા. મેં વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો કે જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી જ આ બધું છે. પ્રાણ ચાલ્યો જાય એટલે આમાંનું કશું જ નહીં. અંધકારના ઓળા ઉતરી પડશે.

રાજાએ કહ્યું, શું કરવું જોઈએ?

સંતે કહ્યું, ભજન કરો. ધ્યાન કરો. મનને પવિત્ર કરો. જેથી જીવનનું કલ્યાણ થાય.

રાજાના ઉપર એની એટલી બધી અસર થઈ ગઈ કે એણે પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને પોતાનો સમગ્ર સમય પછી ભગવદ્ ભજનમાં વ્યતીત કરવા માંડ્યો.

ભર્તૃહરિ મહારાજે એમના વૈરાગ્યશતક નામના ગ્રંથમાં આ શ્લોક લખ્યો.

**सम्मीलने नयनयोर्नहि किंचिदस्ति ॥**

માટે પ્રભુનું ભજન કરો.

શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે :

अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥९-३३॥

આ લોક એટલે કે સંસાર अनित्यम् - નિત્ય નહીં, असुखम् - સંપૂર્ણ સુખવાળો નહીં, તેવો છે. માટે આમાં આવીને ભગવદ્ ભજન કરો તો ધન્ય બની શકો.

રીટર્ન ટિકિટ

બધા જીવો રીટર્ન ટિકિટ લઈને જ આવે છે. અમને દક્ષિણ આફ્રિકામાં ઘણાંએ કહ્યું કે હજુ રોકાવને. અહીંયા જ રહી જાઓને. બંગલો આપીએ. મોટર આપીએ. જીવો ત્યાં સુધી બધો જ ખર્ચ પૂરો પાડીએ.

મેં કહ્યું, તમે અમને વીઝા ને પછી ટિકિટ મોકલેલી ને ?

એમણે કહ્યું હા, ટિકિટ મોકલેલી.

મેં કહ્યું, કેવી ટિકિટ મોકલેલી? સીંગલ કે રીટર્ન?

તેમણે કહ્યું, રીટર્ન.

મેં કહ્યું, તો હવે કેમ કહો છો કે રહી જાઓ? તમે પહેલેથી રીટર્ન ટિકિટ જ મોકલેલી કે અમે આવીએ અને પાછા જઈએ, એટલે હવે તમે કહો તો પણ અમારાથી રહેવાય નહીં. દક્ષિણ આફ્રિકાની સરકાર વાંધો ઉઠાવે. તમે રીટર્ન ટિકિટ લીધી ત્યારે તો અમને વીઝા મળ્યો. નહીં તો સરકાર વીઝા આપત જ નહીં. કારણ કે સરકારને વિશ્વાસ થઈ ગયો કે રીટર્ન ટિકિટ છે એટલે આવીને પાછા જવાના છે.

અદલાબદલી

બધા જીવો રીટર્ન ટિકિટ લઈને અહીં આવેલા. હવે કોઈ જીવ જો એમ માને કે આ ઘર મને બહુ ગમી ગયું, આ ગામ બહુ ગમી ગયું તો પણ રહેવાય એમ નથી. કાળ તરત જ લઈ જાય છે. ખબર પડતી જ નથી કે ક્યારે, કોને જવાનું છે. જો કોઈ પૂછે કે તમારે જવું છે? તો મને નથી લાગતું કે બધા હા પાડે. કોઈ દુઃખી હોય તો હા પાડે. અસાધ્ય રોગવાળા હોય તો કદાચ હા પાડે. બીજા હા ના પાડે.

અમારી ભગવાનને ત્યાં લાગવગ ત્યાં ચાલે છે. આપણે ભગવાનને સિફારીશ કરીએ. પ્રભુ પાસે constitutionમાં amendment કરાવીએ, બંધારણમાં સુધારો કરાવીએ કે હવે એવું રાખો કે જેને જવાનું હોય અથવા જે જાય એની બદલીમાં કોઈ જવા તૈયાર હોય તો પેલો જીવી શકે. એવું રાખો. તો બદલીમાં જવા કોઈ તૈયાર થાય? આપણને ઘણો પ્રેમ હોય, ઘણો ભાવ હોય, એમ થાય કે આપણું બધું લુંટાઈ ગયું, બધું જતું રહ્યું, કાંઈ નથી રહ્યું. અને બંધારણમાં સુધારો આવે કે, ભાઈ પેલાને બદલે તમે જઈ શકો છો, તો પેલા રહે. તો કહે અમારે નથી જવું. અમે શું કામ જઈએ?

બૃહદારણ્યક ઉપનિષદક કહે છે :

न वा अरे पूत्राणां कामाय पुत्राः प्रिया भवन्ति,

आत्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति । (बृहदारण्यक उपनिषद २.४.५)

યાજ્ઞવલ્કય મુનિ કહે છે: હે મૈત્રેયી, કોઈ પણ જીવ અન્ય જીવને એટલા માટે પ્રિય નથી કે તે તેનો સંબંધી છે. પણ એને આત્માનું સુખ મળે છે માટે પ્રિય લાગે છે. માણસને રડાવનારી, એની ગ્રંથિઓમાં કેદ કરનારી, અને જન્મમરણના ચક્રમાં ફેરવનારી આ મમતા અને આસક્તિ, ભગવાનની ભક્તિ કે આત્મજ્ઞાનથી જો દૂર થઈ જાય તો પછી દીવા જેવું ચોખ્ખું દેખાય કે જીવન તો અનંત છે. આ જે પડ્યો છે તે તો માત્ર પડદો જ પડ્યો છે. જીવન તો અનંત છે. આ ગાડીમાંથી હવે બીજી ગાડીમાં, બીજી ગાડીમાંથી ત્રીજી ગાડીમાં, જ્યાં સુધી મુક્તિ ના મળે ત્યાં સુધી ચાલ્યા કરવાનું.

નિષ્કપટતા

તુલસીદાસજી મહારાજ રામચરિતમાનસમાં લખે છે કે પ્રભુની કૃપાને પામવાને માટે બહુ જ્ઞાનની આવશ્યકતા નથી. બહુ તપની આવશ્યકતા નથી, બહુ ધ્યાનની આવશ્યકતા નથી, બહુ યજ્ઞયાગની પણ આવશ્યકતા નથી. પણ નિર્મળતાની આવશ્યકતા છે.

**निर्मल मन जन सो मोहि पावा । मोहि कपट छल छिद्र न भावा ॥ (सुंदरकांड ५.४४)**

નિર્મળ મનના જે માનવો છે તે મને પ્રિય લાગે છે. કુડકપટ મને પસંદ પડતું નથી. આટલી જ વાત રામચરિતમાનસનો સાર.

ઉપનિષદના ઋષિઓએ પણ કહેલું છે કે,

**अन्त:शरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्र्यान्त यतय: क्षीणदोषा: ॥ मुण्डकोपनिषद,३.१.५ ॥**

જેમના દોષ ક્ષય પામ્યા હોય તે પુરૂષો પ્રભુને પામે છે. મન નિર્મળ જોઈએ. બહુ જ્ઞાન નહીં હોય તો ચાલશે. પણ મન સરળ અને નિષ્કપટ જોઈએ. આપણે ત્યાં જેટલા પણ સંતો થયા, ભક્તો થયા, તે બધા નિષ્કપટ વૃત્તિના હતા, સરળ હતા. આપણે પણ નિર્મળ થઈએ, સરળ થઈએ, નિષ્કપટ વૃત્તિના થઈએ, તો પ્રભુના પ્યારા થઈએ અને આપણને શાંતિ મળે.

મા સર્વેશ્વરીના માતાજી

છેલ્લા બે દિવસથી જેમની પાછળ આપણે આપણા નિયમને અનુસરીને પ્રાર્થના કરવા બેસીએ છીએ, તે મા સર્વેશ્વરીના માતાજીનો એક પ્રસંગ મને યાદ આવે છે.

અમારા પ્રેમી, જ્ઞાની, ગુણદર્શી અને સેવાભાવી પુરૂષ શ્રી ઈશ્વરભાઈ સામે જ બેઠા છે. એમણે અમારો કાર્યક્રમ ગોઠવ્યો એટલે અમે કપુરા ગામમાં પ્રવચનો કરવા માટે આવેલા. અમારો ઉતારો શારદાબેન અને રમેશભાઈને ત્યાં, અત્યારે જ્યાં છે ત્યાં જ હતો. એ કાર્યક્રમ પૂરો થયો. પછી બીજી વાર પાછું કપુરા આવવાનું થયું. ત્યારે મને યાદ આવે છે કે વિદાય આપવા માટે ઘણાં બધાં ભાઈ-બેનો આવેલાં. કપુરા ગામ ઘણું ભાવિક છે. વૃંદાવન જેવું છે. જેટલા પ્રમાણમાં ભાવવાળા માણસો હું અહીંયા જોઉં છું તેટલા પ્રમાણમાં બીજે જોતો નથી. અહીં બહુ ગુણગ્રાહી અને ભાવવાળા બહેનો-ભાઈઓ દેખાય છે. તો તે વખતે વિદાય આપવા જે ભાઈ-બહેનો આવેલા. એમાં મા સર્વેશ્વરીનાં માતાજી, જેમનો ૨૨મી તારીખે સ્વર્ગવાસ થયો, તે પણ આવેલાં.

બધા પગે લાગીને ઊભાં રહે એમ તેઓ પણ પગે લાગીને ઊભાં રહ્યાં. એમના હૃદયની સરળતા જુઓ. જે સરળ હોય, નમ્ર હોય, નિષ્કપટ હોય, તેના પર પ્રભુ પ્રસન્ન થાય. એમના પર પ્રભુની કૃપા વરસે. જેવા એમણે મને નમસ્કાર કર્યા તેવા જ એમના મોઢામાંથી અચાનક શબ્દો નીકળી ગયા.

એમણે એટલું જ કહ્યું, આ સરોજ તમને સોંપી. તેનું ધ્યાન રાખજો.

તે વખતે મા સર્વેશ્વરી સૂરત સાધના વિદ્યાભવનના પ્રાથમિક વિભાગમાં પ્રિન્સિપાલ તરીકે નોકરી કરતા. મા સર્વેશ્વરીના લક્ષણો પહેલેથી જ જુદી જાતનાં. તમે ગામના એટલે મારા કરતાં તમને વધારે ખબર પડે. જપ કરે. પૂ. મોટાના મૌન મંદિર બેસે. એમના મનની વૃત્તિ જ એવી કે પ્રભુને માર્ગે આગળ વધાય તો સારૂં. સંસાર નાશવંત છે. એમાં કાંઈ સુખ નથી.

## સુખનો રાજમાર્ગ

બધાને જ કાંઈક ને કાંઈક ફરિયાદ હોય. કોઈ કહે કે ભાઈ તમારે પૈસા ઘણાં તો સુખી હશો. તો કહે ના એવું ના માનતા. તમારે યૌવન છે તો સુખી હશો. તો કહે ના. તમારે છોકરાં તો તમે સુખી હશો. તો કહે ના. ઉપાધિનો પાર નથી. બધાં જ પજવે છે. અમારી જેમ કોઈ કહી શકતું નથી.

અમને બધાં પૂછે, પરદેશમાં પણ પૂછે, યોગેશ્વરજી, તમે સુખી?

અમે કહીએ, અમે સુખી નહીં, સંપૂર્ણ સુખી.

શું કહો છો?

હા.

તમારે એટલા બધા પૈસા ?

અમે કહીએ, અમે પૈસા વગર જ સુખી. તમારા બધા અમારા જ છે ને? અમારે સાચવવાની ચિન્તા નહીં. ઈન્કમટેક્ષની ફિકર નહીં. અમને જોઈએ ત્યારે અમે તમારી પાસેથી લઈએ. અમારે તો આનંદ આનંદ.

કોઈ પૂછે, તમારે બંગલો ખરો?

અમે કહીએ, તમારા બંગલા અમારા જ ને? તમારે ત્યાં રહીએ એટલા દિવસ તે બંગલા અમારા. અમારે તો સંપૂર્ણ સુખ છે.

આમ કેમ?

પ્રભુનું શરણ લીધું છે માટે સંપૂર્ણ સુખ છે. તમે નથી લીધું માટે દુઃખી છો. તમારે સુખી થવું હોય તો આવી જાઓ. આ સુખનો હાઈવે, સુખનો રાજમાર્ગ છે.

## બે પ્રકારની સંભાળ

મા સર્વેશ્વરીના પૂર્વસંસ્કારો હશે એટલે પહેલેથી જ પ્રભુ તરફ જવાની એમની વૃત્તિ. એમના માતાજી એમને કેટલુંક સમજી શકે? મને નથી લાગતું કે પૂરેપૂરું સમજી શકે. એમની ભૂમિકા જ એવી નહોતી. કોઈનું બગાડવાની વૃત્તિ નહીં, પણ જ્ઞાન પણ એવું નહીં. છતાં એમના મોઢામાંથી આવા શબ્દો નીકળી ગયા કે સરોજ તમને સોંપી. તેનું ધ્યાન રાખજો.

મેં તરત જ, ઘડીના પણ વિલંબ વિના કહ્યું કે, તમે ચિંતા ના કરશો. જ્યાં સુધી હું છું ત્યાં સુધી કાંઈ દુઃખ નહીં પડવાં દઉં. એમને પ્રભુના માર્ગે જ જવું છે. તમારામાંથી ઘણાંને આ વાતની ખબર નહીં હોય. આજે જ મેં આ વાત તમને કરી. મને નથી લાગતું કે મા સર્વેશ્વરીના પિતાજીને પણ આ વાતની ખબર હોય. મને ત્યારથી એમ લાગ્યું કે મા સર્વેશ્વરીનાં માતાજીનું હૃદય કેટલું ભોળું, કેટલું નિખાસલ, અને કેટલું સરળ? અતિશય સરળ. એ પછી મા સર્વેશ્વરીએ પ્રિન્સિપાલ તરીકે રાજીનામું આપી દીધું. બહુ હિંમતભર્યું પગલું લીધું. સંજોગો એવા ઊભા થયા અને એમણે ત્યાગ કર્યો. એક ઈતિહાસ બની ગયો. અમેરિકા, ઈંગ્લેન્ડ, કેનેડા જઈ આવ્યા. હમણાં દક્ષિણ આફ્રિકાની પણ યાત્રા કરી. જનતાની ઘણી સેવા એમના હાથે થઈ અને હજી ભવિષ્યમાં પણ થતી રહેશે.

મને એમ લાગે છે કે જ્યાં પણ એમનો(ભીખીબા) આત્મા હશે ત્યાં પ્રસન્ન જ થતો હશે. સંતોષ અનુભવતો હશે કે મેં યોગેશ્વરજીને કહેલું કે ધ્યાન રાખજો. મારે હવે કાંઈ ચિંતા નથી. જાણે એમણે અણસાર આવી ગયો હોય કે ત્રણચાર વરસ પછી મારે રહેવાનું નહીં હોય. અને પ્રભુએ જ જાણે અગમની વાત બોલાવી દીધી હોય. કોઈ કોઈ નિર્મળ મનના માણસોને અગમના એંધાણ આવી જાય.

હું એમના શબ્દોને ઘણીવાર યાદ કરું છું. મને થાય છે કે કેટલી સરળતા એમની! તે સમયે મા સર્વેશ્વરી પણ હાજર હતાં. ઈશ્વરભાઈ પણ હાજર હતા. મેં કહેલું કે સંભાળ રાખીશ તો તે રીતે એમની સંભાળ હું રાખું છું. માતાપિતા પણ આવી સંભાળ રાખી શકે નહીં. સંભાળ બે જાતની રાખવાની હોય. એકલી સાંસારિક નહીં, આધ્યાત્મિક સંભાળ પણ. રાત્રે બાર વાગ્યે એટલે ઊઠાડવાના. જપ કરવા બેસો. ધ્યાન કરવા બેસો. આપણે ત્યાગ કર્યો છે. આ રીતે આધ્યાત્મિક સંભાળ પણ રાખવાની અને પેલી સંભાળ પણ રાખવાની. બેય જાતની. જોકે એમના સંસ્કારો પણ એવા છે કે નિયમિત રીતે જપ-ધ્યાન કર્યા જ કરે. એમનો આખો દિવસ ભગવદ્ ભજનમાં જ વીતે છે. ઉંમર નાની છે છતાં એમના ચોવીસે કલાક એ રીતે જ વીત્યા કરે. દેશમાં હોય કે પરદેશમાં.

## <u>નિર્મળતાની આવશ્યકતા</u>

રામચરિતમાનસ કહે છે કે નિર્મળતા જ મુખ્ય વસ્તુ છે. જેની અંદર નિર્મળતા છે તેની અંદર કોઈ વાસના રહેતી નથી, તેને કોઈ લાલસાઓ હોતી નથી. એની ઉપર પ્રભુની કૃપા સહેલાઈથી થાય છે. ભલેને પછી એનામાં બહુ જ્ઞાન ન હોય, કોઈ મોટું તપ એણે કરેલું ના હોય. પણ એટલી ભૂમિકા તો એની પાસે તૈયાર છે કે, સરળતા છે. કોરી સ્લેટ પર જે લખવું હોય તે લખાય. આપણાં જીવનમાં પણ થોડી સરળતા, સાહજિકતા, થોડી નિખાલસતા, આવી જાય તો આપણું ઘણું બધું કામ પૂરૂં થઈ શકે.

ઘણાં માણસોને ટેવ હોય છે બીજાની માથાકૂટ કરવાની. પોતાની નહીં. કબીર સાહેબ કહે છે કે તમે વધારે પડતી માથાકૂટ શા માટે કરો છો? તમારું સંભાળી લો. જીવન બહુ ટૂંકું છે. ઝડપથી ચાલ્યું જાય છે. પ્રભુનું ભજન કરો. કબીર સાહેબ બહુ સરસ રીતે કહે છે કે બીજા માણસોનું ધ્યાન ના રાખો. બીજા માણસોના અભિપ્રાયોને અગત્ય આપતા નહીં. સ્મરણ કર્યા કરો. પ્રભુ તમારી સંભાળ રાખશે. તમને શાંતિ આપશે.

કબીર સાહેબ લખે છે

तू राम सुमिर, जग लड़वा दे ।
कोरा काग़ज़, काली स्याही,
लिखत पढ़त वा को पढ़वा दे ... तू
हाथी चलत है, अपनी गत में,
कुत्तर भूँकत वाको, भूँकवा दे .. तू
कहत कबीर, सुनों भाई साधो,
नरक पचतवा को, पचवा दे ... तू

જેવી રીતે આપણે દૂધનું દહીં કરીએ, દહીંનું મંથન કરીએ, ને માખણ કાઢીએ તેમ કબીર સાહેબનું એક-એક પદ ને તેની એક-એક પંક્તિ નવનીત જેવી છે. તેમની વાણીમાં શાસ્ત્રોનો નિચોડ ભરેલો છે.

<u>રામનો અર્થ</u>

રામનું સુમિરન કરો. રામ કોણ? કબીરે તેની પણ વ્યાખ્યા આપી છે. રામ કોને કહેવા? જે સૌમાં રમે છે તે રામ. આખું જગત જેના આધારે ટકે, જેમાંથી શ્વાસ લે, પ્રેરણા પામે, તે રામ. **रमन्ते योगिनो यस्मिन स रामः।** જેમાં યોગીઓ રમે; ધ્યાન કરે, જેની ધારણા કરે ને સુખશાંતિ પામે. જગત જેમાંથી પેદા થાય, જેના આધારે ટકે, અને અંતે જેમાં સમાઈ જાય, તે શ્રી રામ છે. હૃદયમાં રમે છે માટે રામ છે. આ રામને જેટલું બને તેટલું સરળ હૃદયથી સ્મર. નિરંતર યાદ કર. તો જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી આનંદ, ત્યાં સુધી શાંતિ. જવાનું થાય તે વખતે પણ શાંતિ. અને ગયા પછી પણ શાંતિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

* * *

## ૨. બીજું પ્રવચન

**હેતે હરિરસ પીજીયે**
**સંસાર ધુમાડાના બાચકા રે, સાથે આવે ના કાંઈ;**
**રંગ પતંગનો ઊડી જશે, જેમ આંકડાનું તૂર રે ... હેતે હરિરસ.**
**કેનાં છોરું ને કેનાં વાછરુ રે, કેનાં મા અને બાપ;**
**અંતકાળે જાવું એકલું, સાથે પુણ્ય અને પાપ રે ... હેતે હરિરસ.**
**માળી વીણે રૂડાં ફૂલડાં રે, કળી કરે છે વિચાર;**
**આજનો દિન રળિયામણો, કાલે આપણો જ વાર રે ... હેતે હરિરસ.**
**કઠણ ચોટ છે કાળની રે, મરણ મોટેરો માર;**
**કૈંક રાણા ને કૈંક રાજિયા, છોડી ચાલ્યા સંસાર રે ... હેતે હરિરસ**
**દાસ ધીરો રમે રંગમાં રે, રમે દિવસ ને રાત;**
**હું ને મારું મિથ્યા કરી, રમો પ્રભુની સંગાથ રે ... હેતે હરિરસ**

*

<u>ધીરા ભગતનો પ્રસંગ</u>

ધીરા ભગતનો યુવાન છોકરો. અચાનક તેનો સ્વર્ગવાસ થયો. જે દિવસે એનો પુત્ર મર્યો તે દિવસે જ તેણે આ પદ લખ્યું. ધીરા ભગતને ત્યાં રોજ રાતે ભજન થાય. ઘણા માણસો ભેગા થાય ને ભજનનો આનંદ લૂંટે. ૧૮ વરસના એકના એક યુવાન પુત્રનો સ્વર્ગવાસ થયો એટલે કેટલાક માણસોએ ધીરા ભગતને પૂછ્યું કે આજે તો ભજન બંધ રહેશેને? કારણ કે શોકનો પ્રસંગ છે.

ધીરા ભગતે તરત જ કહ્યું કે ભજન બંધ નહીં રહે. ઉલટું આજે ભજનમાં વધારે વખત આપવાનો રહેશે. આજે તો પરમાત્માનું સ્મરણ આપણે વધારે પ્રેમથી લાગણીપૂર્વક કરીશું. શુભ કામ કદી પણ બંધ રહે નહીં. અને ધીરા ભગતે નિત્ય નિયમને અનુસરીને સ્મશાન યાત્રામાંથી નિવૃત્ત થઈ જે રીતે ભજન થતું હતું તે રીતે કર્યું. કોઈ પણ પ્રકારની વેદના કે કોઈ પણ પ્રકારનું દુઃખ નહીં.

<u>મહાપુરુષોના મન</u>

ભગવાન રમણ મહર્ષિના જીવનમાં આવે છે કે તેમની માતાનો સ્વર્ગવાસ થયો. સ્મશાનની ક્રિયા પૂરી થઈ એટલે રમણ મહર્ષિએ કહ્યું કે ચાલો, આશ્રમમાં જે છે તે બધા જમી લો. એ કામ તો પૂરું થઈ ગયું. આપણે આપણું કામ કરીએ. મહાપુરૂષોનાં મન કેવાં હોય, તેમનાં મનોબળ કેવાં હોય, તે આપણને જાણવા મળે છે. હૃદયમાં લાગણી હોય, પ્રેમ હોય, ભાવના હોય, બધું હોય છતાં પણ લાગણી તેમને અભિભૂત કરે નહીં. લાગણીના ઉપર તે વિજય પામે. લાકડાં જેમ સરિતાના પ્રવાહમાં તણાઈ જાય તેમ સામાન્ય માનવો લાગણીના પ્રવાહમાં તણાઈ જતા દેખાય. કેટલીક વાર માનસિક સમતુલા પણ ખોઈ બેસે. કેટલીક વાર આત્મઘાત કરવા પણ તૈયાર થઈ જાય. પોતાના કર્તવ્યને ચૂકી જાય. મહાપુરુષો પોતાના મનને સ્વસ્થ રાખે.

ગાંધીજીનો પ્રસંગ

પૂનાની અંદર આગાખાન પેલેસ. કસ્તુરબાનું મરણ થયું. મહાત્મા ગાંધીજીનું હૈયું હાલી ઊઠ્યું કેમકે કસ્તુરબા તો તેમનાં સહધર્મિણી. કેવલ શબ્દકોશની દૃષ્ટિએ નહીં પરંતુ જીવનની દૃષ્ટિએ પણ. ગાંધીજીનો જનસેવાનો ધર્મ હતો તેમાં નિત્ય નિરંતર, સંપૂર્ણપણે સહયોગ પ્રદાન કરનાર હતા. ગાંધીજીને વેદના થાય તે સ્વાભાવિક છે. પરંતુ રાત્રે ગાંધીજીએ નિશ્ચય કર્યો કે જે જનતાનું કાર્ય હું કરું છું તે જનતાની સેવાનું કાર્ય વધારે વેગથી કરીશ, વધારે દ્રઢતાથી કરીશ. નંખાઈ નહીં જાઉં, ભંગાઈ નહીં જાઉં. કસ્તુરબા તો છે ને નથી. સારું છે. મારે જ જવાનું હોત તો શું થાત? જેનો સમય આવે તે જાય છે. કામ તો કરવાનું શેષ રહે છે જ. અને પછી તેવા સંકલ્પથી ગાંધીજીનું શરીર ઘણા વર્ષો સુધી રહ્યું અને તેમણે સેવાકાર્ય કર્યું.

ઋણાનુબંધ

મહાપુરૂષોના જીવનમાંથી પ્રેરણાની સામગ્રી પ્રાપ્ત થાય છે. સામાન્ય મનુષ્યો પોતાના જીવનનું તે રીતે ઘડતર કરતા હોય છે. પરબ ઉપર ભેગા થયેલા પ્રવાસીઓ પાણી પી અને વિદાય થાય. કોઈ તેમને પકડી રાખતું નથી. પકડવાની કોશિષ અથવા તો પ્રવૃત્તિ કરે તો પણ કોઈ પ્રવાસી પકડાય નહીં. રેલગાડીના ડબ્બામાં બેઠેલા મુસાફરો પોતપોતાનાં સ્ટેશન આવતાં વિદાય લે. આપણે કાંઈ તેમની પાછળ જતા નથી. તેઓ વિદાય થઈ જાય છે. તેમની સાથે પ્રેમ થઈ જાય, મહોબ્બત થઈ જાય, મમતા થઈ જાય. લાગણીઓની આપ-લે થાય. છતાં જ્યાં સુધી આપણું સ્ટેશન નથી આવતું ત્યાં સુધી આપણે ડબ્બામાં બેસી રહીએ છીએ. માનીએ કે ઋણાનુબંધ છે.

બધા જ ઋણાનુબંધોને પરિણામે સંસારમાં ભેગા થયા. કોઈ માતા બન્યા, કોઈ પિતા બન્યા, કોઈ પુત્ર બન્યા, કોઈ પતિ બન્યા. કોઈ પત્ની બન્યા. આ સગાઈ તો થોડા વરસોથી થઈ. પહેલાં આપણે ક્યાં જાણતા હતા કે કોણ ક્યાં હતું ! પણ થોડા વખતની સગાઈ મમતામાં પરિણમી, આસક્તિમાં પરિણમી અને જેની સાથે ચિરકાળની સગાઈ છે તે પરમાત્માને તો યાદ કરતાં જ નથી. તેને માટે આંસુ આવતું જ નથી. આ પરમાત્મા આપણને કેમ દેખાતા નથી? કેમ ઓળખાતા નથી? આવી લગન, આવી વેદના, આવી લાગણી જેવી દુન્યવી માનવોને માટે થાય છે, departed souls માટે, છૂટા પડેલા જીવ માટે થાય છે, તેનાથી સો મા ભાગની લાગણી પણ રોજબરોજના જીવનમાં પરમાત્માને માટે, આપણો જે સનાતન સાથીદાર છે, the eternal companion, એને માટે થાય, તો તો જીવન ધન્ય બની જાય.

આત્માનો નાશ નથી

સામાન્ય પુરુષો અને અસામાન્ય પુરુષોમાં આટલો જ તફાવત છે. સામાન્ય માનવો સામાન્ય પદાર્થોમાં પ્રીતિ કરે છે. અસામાન્ય માનવો અસામાન્ય પરમાત્માની પ્રીતિ કરે છે. તે સંસારના સામાન્ય પદાર્થો તથા વ્યક્તિઓની વચ્ચે વસે છે. તે જાય છે આવે છે તો પણ સમજે છે કે આ તો ઋણાનુબંધ છે. કર્મના સંસ્કારો છે. તે પૂરા થાય એટલે જીવો વિદાય લે છે. જેમનાં સંસ્કારો શેષ છે તે રહી જાય છે. આમાં હર્ષ પણ શું? આમાં શોક પણ શું? સંસારના નાટકને તટસ્થ રીતે જોવાનું છે. આત્માનો તો નાશ છે જ નહીં. આત્મા તો વળી પાછો આગળ મુસાફરી કરવાને માટે વિદાય થાય છે.

અંગ્રેજ કવિ લોંગફેલોએ લખ્યું છે કે

Life is real, life is earnest
The grave is not its goal;
Dust thou art to dust returnest
Was not spoken of the soul.

ભસ્મમાં જે મળે છે તે તો શરીર. આત્મા કૈં મરતો નથી. આત્મા પોતાના સંસ્કારોને લઈને આગળ ચાલે છે. માનવો જ્યાં સુધી ઋણાનુબંધો હોય છે ત્યાં સુધી રહે છે. કોઈની સાથે પ્રીતિ થાય છે, કોઈની સાથે પ્રીતિ થતી નથી. અકારણ શત્રુતા, ઉપરામતા અથવા તો અણગમો થાય છે.

મૃત્યુ વખતે ને જન્મ વખતે પણ કોઈ હાજર રહી શકે છે, કોઈ હાજર નથી રહી શકતું તે પણ ઋણાનુબંધનું જ કારણ છે. જેના જેના ઋણાનુબંધ હોય છે તે હાજર રહે છે. ઋણાનુબંધ નથી હોતા તો પડોશમાં રહેનારો, એક જ ઘરમાં રહેનારો માણસ હોય તે પણ કોઈ કારણે બહાર ચાલ્યો જાય અને મરણ થઈ જાય. આનું કારણ ઋણાનુબંધ છે. જે ઋણાનુબંધને સમજી લે, કર્મના રહસ્ય અથવા સંસ્કારોને જાણી લે, તે તટસ્થ થઈ જાય છે. એને કોઈને માટે કોઈ ફરિયાદ કરવાની રહેતી નથી. તેને કોઈ પણ પ્રકારનું દુઃખ રહેતું નથી. તે સર્વત્ર ઈશ્વરની લીલાનું દર્શન કરે છે અને ઈશ્વરની અંદર મમતા અથવા આસક્તિ કરે છે.

મોટા ભાગના માનવો ઈશ્વરમાં આસક્તિ કરતા નથી, એટલે નરસિંહ મહેતાને કહેવું પડ્યું

**તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજ્યે કરે મારું મારું.**

<u>ભજ ગોવિંદમ</u>

શંકરાચાર્ય મહારાજ સંસ્કૃતમાં કહી ગયા -

कस्त्वं कोऽहं कुत आयातः का मे जननी को मे तातः ।
इति परिभावय सर्वमसारम् विश्वं त्यक्त्वा स्वप्नविचारम् ॥

તારી માતા કોણ? તારો પિતા કોણ? તું ક્યાંથી આવ્યો? આ બધાંની સાથે મેળામાં ક્યારે તું હાજર થઈ ગયો, દાખલ થઈ ગયો, પ્રેમ કરતો થઈ ગયો ! અને જેની સાથે પ્રેમ કરવાનો હતો તેને તું ભૂલી ગયો. શંકરાચાર્ય કહે છે કે તેને તું યાદ કર તો જીવનનું કલ્યાણ થઈ જશે. આવા તો કેટલાયે સંબંધો કરતો કરતો તું બાવા આદમના જમાનાથી આવ્યા જ કરે છે. કેટલી માતાઓ કરી ને કેટલા પિતાઓ કર્યા, કેટલા ભાઈઓ કર્યા ને કેટલી બહેનો કરી? અનાદિકાળથી આ ચક્ર ચાલ્યા જ કરે છે. છતાં તારી મોહનિદ્રા હજી ઉઘડતી નથી. એને લીધે તું દુઃખના દાવાનળથી દગ્ધ બની ગયો છે. માટે જ્ઞાનની દુનિયામાં આંખ ઉઘાડ.

भज गोविन्दं भज गोविन्दं, गोविन्दं भज मूढ़मते।

ગોવિંદમ્ - જેની કૃપાથી ઈન્દ્રિયોનું રક્ષણ થાય છે, જે સમસ્ત સંસારના રક્ષણહાર છે, તે પરમાત્માનું સ્મરણ કર. સંસારની અંદર આવીને, ભરતખંડ જેવા પવિત્ર દેશમાં જન્મ ધારણ કરીને, જે પ્રભુનું શરણ લે છે, પ્રભુની ભક્તિ કરે છે, તેના જેવો પ્રબળ પુરુષાર્થી બીજો કોઈપણ નથી.

<u>ભક્તોના માતાપિતાને ધન્યવાદ</u>

આપણા સંતપુરુષો ને શાસ્ત્રો પણ કહે છે –

ભરતખંડ ભૂતળમાં જન્મી ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માતપિતા ને સફળ કરી એણે કાયા રે.

*

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

*

શંકરાચાર્ય મહારાજ લખે છે –
कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन्लीनं परे ब्रह्मणि यस्य चेतः॥

તે કુળ પવિત્ર, તે જનની પવિત્ર, તે માતાપિતાને ધન્યવાદ જ્યાં ઉત્તમ પ્રકારના બ્રહ્મજ્ઞાની પુરુષનો, પરમાત્માના પરમ ભક્તનો જન્મ થાય, એમનું પ્રાગટ્ય થાય. અને જેના જન્મથી માનવજાતિને મદદ મળે, પ્રેરણા મળે. તેનો જન્મ સંસારની અંદર અમર છે. બાકી તો આ પરિવર્તનશીલ સંસારમાં અનાદિકાળથી જન્મ-મરણ ચાલ્યા જ કરે છે. એની અંદર રહીને જે પ્રભુનું શરણ લે છે તેને ધન્યવાદ ઘટે છે.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥ (भर्तृहरि नीति शतक, १.३२)

ભક્તોના માતાપિતાને ધન્યવાદ. જ્ઞાનીઓના માતાપિતાને ધન્યવાદ. યોગીઓ ને તપસ્વીઓ અથવા તો પોતાના જીવનનો બીજાની સમુન્નતિને માટે જે સદ્ઉપયોગ કરે છે તેવા દાની પુરુષો ને જ્ઞાની પુરુષો ને તેમના માતાપિતાને ધન્યવાદ ઘટે છે.

<u>મા સર્વેશ્વરીનો ત્યાગ</u>

મા સર્વેશ્વરી કહે છે કે મેં સંસારનો ત્યાગ કર્યો. ત્યાગ કરવાનું અઘરું છે. માણસની પાસે ૧૦૦ (સો) રૂપિયા પગારની જ નોકરી હોય અને એને કહીએ છોડોને? તો તે નહીં છોડી શકે. દસ હજાર રૂપિયા મહિને મળતા હોય તો પણ નહીં છોડી શકે. અઘરું કામ છે. ધનની મોહિની, ઘરની મોહિની, કુટુંબીઓની મોહિની, યુવાવસ્થાની મોહિની. ઈન્દ્રિયોના, વિષયોના આકર્ષણો જેમને સતાવતાં હોય તે બાહ્ય ત્યાગ કરી શકતા નથી. ત્યાગની વાતો કરે. ત્યાગ કરવાનો બહુ જ અઘરો છે. જેની અંદર પ્રભુની શ્રદ્ધા ને ભક્તિ હોય, ભગવાન ચલાવશે, મને કાંઈ ચિંતા નથી, એવો ભરોસો હોય તે ત્યાગ કરી શકે.

તમને કદાચ ખબર નહીં હોય પણ મા સર્વેશ્વરીએ ૧૯૮૦માં જ્યારે ત્યાગ કર્યો ત્યારે તેમની પાસે બે જ કપડાં હતા. થેલીમાં બે કપડાં લઈને જ અમદાવાદ મારી તબિયત જોવા માટે આવ્યા હતા. ત્યાં એમને એમ થઈ ગયું કે સંસારની નોકરી કરવી એના કરતાં પ્રભુની નોકરી કરવી સારી. માનવજીવન એને માટે જ મળેલું છે. પૂર્વસંસ્કારો પ્રબળ હોવાથી તેમને આવા વિચારો આવ્યા અને તેમણે તે વિચારોનો અમલ કર્યો. અગાઉ ચાર ચાર વખત રાજીનામા આપેલા તે સ્વીકારાયા નહોતા. આ વખતે તેમણે લખી નાખ્યું કે હવે હું હાજર થઈશ નહીં. હું પરમાત્માને માર્ગે જવા માંગુ છું. એમની સ્કુલના ટ્રસ્ટીમંડળના પ્રમુખ એવા પ્રભુભાઈ ગુણદર્શી પુરુષ. તે સમજી ગયા એમણે કહ્યું કે અમે તો આ માર્ગે વળી શકતા નથી. તમે વળવા માગો છો તો અમે વચ્ચે નહીં આવીએ. ત્યાગ.

આજે તેમને કોઈ ખોટ નથી. દેશમાં જાય છે, પરદેશમાં જાય છે. લોકો એમને વસ્ત્ર આપે છે, રૂપિયા આપે છે. કાંઈ જ સ્વીકારતા નથી. કારણ કે નિયમ છે. અમારા માતાજી પણ વસ્ત્રો લેતા નહીં. મા પણ લેતા

નથી. અમને બહુ જ ગમે. કોઈની વસ્તુઓ લેવી નહીં. જરૂર હોય તો બજારમાં જઈને લઈ આવો. કોઈનું લેવાની જરૂર નથી. પ્રભુ બધું જ પૂરું કરે છે. તેમના દિલમાં કેવી શ્રદ્ધા હશે?

સાપ જેવી રીતે કાંચળીનો પરિત્યાગ કરે તેવી રીતે તેમનાથી ભરયુવાનીમાં ત્યાગ થઈ ગયો. ઘણી અઘરી વાત છે. તમારે પ્રયોગ કરવો હોય તો કરી જુઓ. નહીં થઈ શકે. વાતો કરવી એક વાત છે. જીવનની અંદર અમલમાં ઉતારવું તે વળી બીજી જ વાત છે. મોટી ઉંમર થાય તો પણ માનવ પોતાના ઘરની, પોતાના કુટુંબીઓની મોહિની નથી છોડી શકતો.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન કહે છે सकृद् एव प्रपन्नाय तव अस्मि इति च याचते ।

જે સારી રીતે મારું શરણું લઈને હે પ્રભુ હું તારો છું - એ પ્રમાણે કહે અને મારા ચરણકમળને વળગે તેને હું સર્વ પ્રકારે ધન્ય કરી દઉં છું. જેમ માતા બાળકને સંભાળે તેમ હું તેમને સંભાળું છું.

### ચિંતા સ્વાભાવિક

મારી કહેવાની વાત એ હતી કે આવો બાહ્ય ત્યાગ થાય ત્યારે માતાપિતા થોડા વિહ્વળ બની જાય એ સ્વાભાવિક છે. સમાજના માણસો પણ થોડાક વિહ્વળ થાય એ સ્વાભાવિક છે કે અત્યાર સુધી નોકરી કરતા હતા ને આ શું કર્યું. આ તો નવું કહેવાય. પણ મા સર્વેશ્વરી એમ કહે છે કે મારા માતાજી હતાં તેમણે કોઈ પણ દિવસ વિરોધ કર્યો નહીં. ત્યાગ કેમ કર્યો કે આમ કેમ કશું જ નહીં. શાંત. હું જે કરું તે જોયા કરે. આવી માતા પ્રાપ્ત થઈ તે પણ પ્રભુની કૃપા. મને લાગે છે કે એમના પિતાજીએ પણ કંઈ વિરોધ કર્યો નથી.

માતાપિતાને ચિંતા થાય એ સ્વાભાવિક છે. નાની ઉંમર છે. મોટા થશે તો શું કરશે. શું ખાશે. કેવી રીતે જીવન ચલાવશે. માતાપિતાને લાગણી થાય એ સ્વાભાવિક છે. અને તે લાગણીથી પ્રેરાઈને તેઓ બે વિચાર રજૂ કરે એય સ્વાભાવિક છે. પણ તેમના માર્ગમાં નથી માતા અંતરાયરૂપ થયા કે નથી પિતા અંતરાયરૂપ થયા. એમને વિશ્વાસ કે અમારી છોકરી સારે માર્ગે જાય છે. પવિત્ર પ્રભુનો માર્ગ છે. સૌથી વધારે તો ઈશ્વરની ઈચ્છા છે, ઋણાનુબંધ છે. ઈશ્વર જ બધાના મનમાં સાનુકૂળ પ્રત્યાઘાતો પેદા કરતો હોય છે. આ પ્રકારનાં માતાપિતા પ્રભુની કૃપાથી કોઈકને જ પ્રાપ્ત થાય. કોઈ બડભાગી જીવોને પ્રાપ્ત થાય. તેમને ત્યાં આવાં સંતાનો પણ કોઈ ધન્ય ક્ષણે જ પ્રગટતાં હોય છે. જે પોતાના સમસ્ત સાંસારિક જીવનનો પરિત્યાગ કરી પરમાત્માનું શરણ સ્વીકારી પરમાત્માની ભક્તિ દ્વારા પોતાના જીવનને કૃતાર્થ કરતા હોય. આ કંઈ નવી વાત નથી.

### પ્રસિદ્ધ સ્ત્રી સંતો

ઘણા સ્ત્રી સંતો આવી રીતે ત્યાગ કરીને પ્રભુના માર્ગે ચાલ્યા છે. અરવિંદ આશ્રમના માતાજીને આપણે જાણીએ છીએ. ફ્રાન્સ દેશમાંથી આવ્યા હતા. મહાત્મા ગાંધી પાસે મીરાંબેન આવ્યા જ હતા. ઈંગલેન્ડથી મિસ લેડ અંગ્રેજ યુવતી આવ્યા હતા. પછી ગાંધીજીએ મીરાંબેન નામ આપ્યું. અત્યારે પૂનાની અંદર હરેકૃષ્ણ મંદિર છે ત્યાં દિલીપકુમાર રોય જે રહેતા હતા તેમની સેવામાં ઈન્દિરાદેવી રહેતા જ હતા. તેઓ પરણેલા હતા, તેમના છોકરાઓ પણ હતા. દિલીપકુમાર રોયનું શરીર છૂટી ગયું છે પણ ઈન્દિરાદેવી હજી જીવે છે. રમણ મહર્ષિના સમકાલીન રામદાસ સ્વામી હતા. તેમની સેવામાં કૃષ્ણાબાઈ હતા. રામદાસ સ્વામીનું શરીર છૂટી ગયું પણ કૃષ્ણાબાઈ હજી જીવે છે. રામદાસ આશ્રમમાં રહે છે. માતા આનંદમયી છે.

તેઓ પરણ્યા હતા છતાં પણ પોતાના મનને પવિત્ર રાખીને પ્રભુનો માર્ગ સ્વીકાર્યો હતો. હજારો માણસોને પ્રેરણા આપતા હતા. હજી ગયા વરસે જ તેમનું શરીર છૂટી ગયું. મોટી ઉંમરે.

ગોદાવરી માતા હજુ જીવે જ છે. શીરડીની પાસે સાકોરીમાં સાંઈબાબાના શિષ્ય ઉપાસની મહારાજ રહેતા હતા તેમની સેવામાં ઘણી નાની ઉંમરે ગોદાવરી માતા ગયેલા. હજુ ગોદાવરી માતા જીવે છે. બે વરસ પહેલાં અમે એમને સાકોરીમાં મળ્યા હતા. તેવી રીતે પરમહંસ યોગાનંદ. સેલ્ફ રીઅલાઈઝેશન ફેલોશીપ સંસ્થા સ્થાપી. તેમની સેવામાં ઘણી નાની ઉંમરે એક અમેરિકન યુવતી ગઈ. યોગાનંદે તેમને નામ આપ્યું દયામાતા. આજે તેઓ સંસ્થાના પ્રમુખ તરીકે ઘણું સુંદર સંચાલન કરે છે. અમેરિકાના લોસ એન્જલસમાં પર્વત ઉપર સુંદર મજાનો આશ્રમ છે. ત્યાં લગભગ સો જેટલી સાધ્વીઓ રહે છે અને સાઠ જેટલા યોગીઓ રહે છે. એ બધાના હેડ તરીકે દયામાતા કામ કરે છે. બહુ સારી રીતે જનતાને ઉપયોગી થાય છે. નવું નથી. પણ જ્યારે આપણી આસપાસ થાય ત્યારે આપણને નવું લાગે. ખરેખર તેમ નથી. જેના સંસ્કારો હોય છે તે આ માર્ગે વળી શકે. તેમને ઉત્તેજન આપવું, મદદરૂપ થવું એ પણ ઘણી મોટી વાત ગણાય.

તેવા માતાપિતાને માટે શાસ્ત્રોએ કહ્યું છે, કે એમને અભિનંદન ઘટે છે જેમને ત્યાં આવા આત્માઓ આવિર્ભાવ પામે છે. અને જેઓ એમને પ્રકારાન્તરે પ્રોત્સાહન પ્રદાન કરે છે. તેમના માર્ગમાં અવરોધક ના બને, તેમને માટે કહેવામાં આવ્યું છે કે તે જનનીને ધન્ય; તે પિતાને ધન્ય, કુળને ધન્ય. તે પૃથ્વીને ધન્ય જ્યાં બ્રહ્મજ્ઞાનીઓ અથવા ભક્તોના ચરણ પડતા હોય છે. જે ત્યાગ કરે છે અને પરમાત્માનો માર્ગ લે છે તેને લીધે તેમનું જીવન તો સફળ થાય છે જ પણ સાથે તેમના માતાપિતાનું જીવન પણ સફળ થાય છે. કુળ પણ સફળ થાય છે. તેમને પણ સદ્ગતિની સંપ્રાપ્તિ થતી હોય છે.

આપણે જીવતા હોય ત્યારે ધ્યાન રાખતા નથી. મર્યા પછી વધારે ધ્યાન રાખીએ. બાર દિવસ તો ખરું જ. જીવતા હોય ત્યારે કેટલીકવાર સામું બોલીએ. કોઈ વસ્તુ માગે તો આપીએ નહીં. આવું ઘરોમાં ઘણે ઠેકાણે ચાલતું હોય છે. માતાની સાથે; પિતાની સાથે, પતિની સાથે પત્નીની સાથે, ભાઈની અને બેનની સાથે જેવા વ્યવહારો આપણે કરવા જોઈએ તેવા વ્યવહારો તે જીવતાં હોય ત્યારે કરીએ તો પછી મર્યા પછી બહુ ક્રિયાઓ કરવાની જરૂર નથી રહેતી.

<u>મરણમાંથી પ્રેરણા</u>

મરણમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવી જોઈએ. આપણે પોતે જાગ્રત બની જવું જોઈએ. અંતરના અંતરતમમાં લખી લેવું જોઈએ કે સંસારમાં શાશ્વત કાળને માટે કોઈ કોઈનું નથી. આ મેળો છે. આ વિશાળ મેળામાં આપણે આવ્યા છીએ! બધા પોતપોતાનો ભાગ ભજવી રંગમંચ પરથી સમય પર વિદાય થાય. આપણે પણ વિદાય થવાનું જ છે. તો જેટલો સમય આપણને પ્રાપ્ત થયો તેટલા સમય દરમ્યાન આપણે સૌની સાથે પ્રેમથી વ્યવહાર કરીએ. સેવા-ભાવનાથી વ્યવહાર કરીએ, કોઈ પણ જાતની કડવાશ કે કટુતા સિવાય ખુલ્લા દિલથી વ્યવહાર કરીએ ને જેટલું જેના કામમાં આવી શકીએ, જેટલી જેને શાંતિ આપી શકીએ, સુખ આપી શકીએ, તેટલું આપવાને માટે તૈયાર રહીએ તો પછી આપણે પાછળથી કાંઈ કરવાનું રહેતું નથી. પાછળથી કોઈ જાતનો વસવસો રહેતો નથી. જીવતાં હોય ત્યારે એમની સાથે પ્રેમપૂર્ણ, ઉત્તમમાં ઉત્તમ,

સેવાથી સભર વ્યવહાર કરવો જોઈએ. જેથી એ જાય ત્યારે તે પણ સંતોષ સાથે જાય. આપણને પણ એમ થાય કે આપણે આપણા કર્તવ્યનું પાલન જેટલું પણ થઈ શકતું હતું તેટલું કર્યું.

### જવાનું ચોક્કસ

મરણ તો આપણા હાથના બહારની વસ્તુ છે. કોઈને કાળ લઈ જતો હોય તો આપણે પાછા લાવી શકીએ એમ નથી. પાછળથી શોક કરવાની જરૂર નથી. પાછળથી રડવાની કોઈ આવશ્યકતા નથી. લાગણી હોવાથી ગળું ભીનું થાય તે જુદી વાત છે. પણ આપણે લાગણી પર કાબુ મેળવવો જોઈએ. આપણે પોતે સમજી જવું જોઈએ કે આપણે પણ આ રીતે એક દિવસ વિદાય થવાનું છે. પચાસ માણસ આ રીતે આપણે માટે પણ ભેગા થઈ જવાના. જો પાલખીમાં બેસાડવાના હશે તો તેમાં બેસાડશે. સુવાડીને લઈ જવાનો શિષ્ટાચાર હશે તો તે રીતે લઈ જશે. અને સ્મશાનમાં બાળી નાંખશે. આપણે માટે પણ એક દિવસ આજ થવાનું છે. તો તે થાય તે પહેલાંના જે દિવસો છે તે દિવસોનો કેવો ઉપયોગ કરવો જોઈએ?

કબીર સાહેબ કહે છે કે સંસારમાં તું આવ્યો ત્યારે રડતાં રડતાં આવ્યો. બીજા હસતા હતા, ગોળધાણા વહેંચતા હતા, પેંડા વહેંચતા હતા. તું રડતો હતો. હવે એવું કર કે જવાનું થાય ત્યારે તું હસે. આનંદપૂર્વક જાય. બીજાને કદાચ રડવું આવે કે 'અરેરે એક સારો જીવ ચાલ્યો ગયો. બહુ ઉત્તમ પ્રકારનો ભક્ત ગયો. જ્ઞાની ગયો, સંત ગયો. લોક સેવક ગયો.' બીજાનાં હૈયાં હચમચી જાય. એવી જાતનું જીવન જીવ તો તારું કલ્યાણ થશે. બાકી જવાનું તો ચોક્કસ જ છે. પ્રભુનું સ્મરણ કરવાનો સંકલ્પ કરીએ. ધ્યાન ધરવાનો સંકલ્પ કરીએ. સત્સંગનો સંકલ્પ કરીએ. સત્કર્મપરાયણ થવાનો સંકલ્પ કરીએ. જીવનમાં કોઈક દોષ હોય, વ્યસન હોય તો તેમાંથી મુક્તિ મેળવવાનો સંકલ્પ કરીએ. તો આપણું જીવન સફળ બને. હજુ તો ઘણો સમય આપણી પાસે શેષ રહેલો છે.

### આત્મા અવિનાશી છે

જે ગયા છે તેમને કહીએ કે જ્યાં હો ત્યાં આનંદથી રહો. અમને કોઈ દુઃખ નથી. તમે પણ કોઈ રીતે દુઃખી થશો નહીં. અમારે કોઈ ફરિયાદ નથી. તમે પણ કોઈ ફરિયાદ કરતા નહીં. હવે નવા જગતમાં, નવા વાતાવરણમાં આનંદપૂર્વક રહેજો. અમે પણ અહીં આનંદપૂર્વક રહીશું. શાંતિપૂર્વક રહીશું જ. તમે એરોપ્લેન મોકલો તો પણ અમે તમારી પાછળ આવવાના નથી. અમારે તો હજુ રહેવાનું છે. જ્યાં લગી અમારા કર્મના સંસ્કારો છે, ઋણાનુબંધો છે ત્યાં સુધી રહીશું. પરંતુ સ્થિરતાથી રહીશું. સ્વસ્થતાથી રહીશું. બહાદુરીપૂર્વક રહીશું. હૃદયને એકદમ જ્ઞાનવાળું, વિવેકવાળું, વૈરાગ્યવાળું કરીને, સેવાથી સભર બનાવીને રહીશું. બાકી જવાનું તો ચોક્કસ છે જ. અનાદિકાળથી આ નિયમ ચાલ્યા જ કરે છે. કોઈપણ જીવ આ સંસારમાં સ્થાયી નથી. જાણે કે અજાણ્યે તેને નીકળવાનું છે. છતાં આત્મા અમર છે. તેનો નાશ કોઈ કરી શકતું નથી. કર્મો હમેશાં માણસની સાથે જાય છે, સત્કર્મો હોય તો માણસ ઉત્તમ પ્રકારે જીવન જીવે. આ જ જન્મમાં પ્રભુને ઓળખી લે તો જન્મમરણના ચક્રમાંથી છૂટી પણ શકે. તો આપણે આ જન્મમાં, આ જીવનમાં શાને માટે રડીએ? શરીરને માટે? શરીર તો રહેવાનું જ નથી. એથી એને માટે રડવાથી કંઈ લાભ નથી. આત્માને માટે રડવાનો કશો અર્થ નથી કારણ આત્માને કોઈ મારી શકતું નથી. આત્મા તો અવિનાશી છે જ. એટલે આપણે મરણમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીએ. સંસારની ક્ષણભંગુરતાને વધારે સારી રીતે સમજીએ. યાદ રાખીએ. ભૂલી ન

જઈએ. અને પરમાત્માની પાસે પહોંચવાનું આપણા સ્વાર્થનું જે કામ છે, તે કાર્ય પણ ગાફેલ થયા વગર નિત્ય નિરંતર કરતા રહીએ.

એકાદશી

આજે એકાદશીનો પવિત્ર દિવસ છે. કબીર સાહેબ કહે છે કે અગિયાર ઈન્દ્રિયોને બંધ કરો. બે આંખ, બે કાન, બે નાક, મોઢું છે, મન છે, બુદ્ધિ છે, ગુદા છે, શિશ્ન છે. આ ઈન્દ્રિયોને બંધ કરી અંદર જે દેવોના દેવ પરમાત્મા છે તેનું દર્શન કરવાને માટે તૈયારી કરો. તો જીવન ઉત્સવમય બની જાય, ધન્ય બની જાય, કૃતાર્થ થઈ જાય અને જીવન દરમ્યાન જ શાંતિના ઘૂંટ પી શકાય. આપણા જીવનમાં અમીના ઓડકારો આવી શકે. એને માટે આ કરવાનું કામ છે.

सुन्न महल में दियना बार ले, आसन से मत डोल रे।
जोग जुगत से रंग-महल में, पिय पाई अनमोल रे।
तोको पीव मिलैंगे घूँघट के पट खोल रे।

બધાં દ્વારોને બંધ કરીને, શાંતિથી બેસીને, ઈન્દ્રિયોને શાંત કરીને, અંતર્મુખ વૃત્તિ કરીને પ્રભુને ઓળખવા માટેની તૈયારી કરીએ તો આનંદ અનુભવાય.

कहैं कबीर आनंद भयो है, बाजत अनहद ढोल रे॥
घूँघट के पट खोल रे ।

આ માનવજીવન આપણને અવિદ્યાની નિવૃત્તિ કરવા માટે પ્રાપ્ત થયું છે તેને ભૂલીએ નહીં. મોહને હઠાવવાને માટે તૈયાર રહીએ. ઘરડું તો શરીર થાય છે. નાશ શરીરનો થાય છે. આત્માનો કદી નાશ થતો નથી. આત્માને કદી વ્યાધિ થતો નથી. આત્માને વૃદ્ધાવસ્થા પણ નથી આવતી. આત્મા તો સનાતનકાળથી એક જ સરખા સ્વરૂપમાં આવે છે. તે આત્મા અથવા પરમાત્માને જે ઓળખી લે તેના જીવનમાં આનંદ આનંદ થઈ જાય છે.

શરીર એક ભાડૂતી ઘર

મીરાંબાઈએ લખ્યું છે.

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું.
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.
આ રે કાયા રે હંસા ડોલવાને લાગી રે,
ઉડી ગયો હંસ પીંજર પડી રે રહ્યું ... મારો.

પ્રીત થઈ જાય એ સ્વાભાવિક છે. કોઈ ભાડૂતી મકાનમાં વરસ રહીએ તોય પ્રેમ થઈ જાય છે, ને આપણે મકાન છોડવું પડે તો દુઃખ થાય છે. અહીંથી શાકમાર્કેટ પાસે પડે છે. અહીંથી મારા છોકરાંઓની સ્કૂલ બહુ પાસે છે. અહીં રસ્તે ફરવાનો મને આનંદ આવે છે. એક વરસમાં ભાડૂતી મકાનમાં આટલી મમતા થઈ જાય, તો પછી આ (શરીર)મકાનમાં મમતા ન થાય, જેમાં પચાસ, સાઠ કે સિત્તેર વરસ રહ્યા? થઈ જાય છે. પણ કાળ બળજબરીથી લઈ જાય છે. એ બળજબરીથી ન લઈ જાય તો કેટલાય આ ભાડૂતી ઘર પોતાની મેળે ખાલી ન કરે.

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ, પીંજર પડી રે રહ્યું ... મારો.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં ... મારો.

<u>પૂજ્ય મા – આધુનિક યુગના મીરાં</u>

હું પરદેશમાં ઘણીવાર કહેતો કે તમે પુસ્તકોમાં વાંચો છો કે મીરાંબાઈ રાજભવન છોડી નીકળી ગયા. તમે એમને જોયા? તમે એમના ભજનો વાંચ્યા એટલે માન્યું કે નીકળી ગયા ને વૃંદાવનમાં રહ્યા ને પાછલી અવસ્થામાં ગુજરાતની પુણ્યભૂમિમાં આવીને દ્વારિકામાં વસ્યા. આવું પુસ્તકોમાં વાંચ્યું. પણ જુઓ, અમારે ત્યાં તો મીરાં હજી નીકળે છે. સર્વેશ્વરી મા ને જુઓ. મીરાં જેવું જ પવિત્ર ને પ્રભુપરાયણ જીવન. અમારા દેશમાં આવી મીરાંઓ નીકળે છે. હિન્દુસ્તાનની આ વિશેષતા છે. આજના ઘોર કળિકાળમાં પણ આવી મીરાંઓ નીકળે છે જે પ્રભુને માર્ગે આગળ જાય છે. મા સર્વેશ્વરીને જુઓ તો તમને વિશ્વાસ બેસે કે મીરાં પણ હોવી જોઈએ. સ્ત્રીઓ ત્યાગ કરી શકે છે, પ્રભુના માર્ગે આગળ ચાલી શકે છે. પોતાના શીલને સાચવી શકે છે.

મીરાં કહે છે કે હું તો પ્રભુના પ્રેમનો પ્યાલો જ પીશ ને મારા જીવનને ધન્ય કરીશ. વિષયોના પ્યાલા પીવાનું મને મન થતું નથી.

બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં ... મારો.
જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું.
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

<u>મૃત્યુથી જાગૃતિ</u>

તત્ત્વજ્ઞાનીઓ વિષાદના કહેવાય છે. Prophets of despondency. એ કોઈ દિવસ આનંદની વાત કરે જ નહીં. થોડો આનંદ હોય તે પણ જતો રહે એવી જ વાતો કરે. હવે એની જરૂર નથી. હવે તો મરણના વિચારો કરીને પણ આપણે નવી શક્તિથી સંપન્ન બનીએ અને જીવનના માર્ગે ‘માર્ચ ફોરવડ’ કરીએ. આગળને ને આગળ વિકાસ કરીએ. સ્વાર્થ સિદ્ધ કરીએ. નવી શક્તિથી, નવી ચેતનાથી, નવી આશાથી સંપન્ન બનીએ. નવા સંકલ્પો કરીએ કે અત્યાર સુધી વિષયોના પ્યાલા પીધા તો હવે મીરાંબાઈની પેઠે પ્રભુપ્રેમના પ્યાલા પીવાનું ચાલુ કરીએ.

મૃત્યુ તો મિત્ર છે, દુશ્મન નથી. એ આપણને જગાડી શકે છે. જાગૃત કરી શકે છે. સાવધાન બનાવી શકે છે. જો આપણે ગફલતમાં પડેલા હોઈએ તો વળી પાછા ટટ્ટાર બનાવી શકે કે જાગો ! ક્યાં ફસાયા છો? આ બધું જ ચાર દિવસની ચાંદરણી જેવું છે. માટે મોહની નિવૃત્તિ કરો. મમતાને ખંખેરી કાઢો. હજુ પણ ચેતો. થોડા દિવસો શેષ છે તો પ્રભુને માર્ગે આગળ ચાલો. આત્મજ્ઞાન પ્રાપ્ત કરો. સર્વ પ્રકારની આસક્તિના અંકુરોને અંતઃકરણમાંથી નિર્મૂલ કરી નાખો. તો જીવન ધન્ય બને.

શંકરાચાર્ય મહારાજ કહે છે -

भज गोविन्दं भज गोविन्दं, गोविन्दं भज गोविन्दं ।
भज गोपालं भज गोपालं, गोपालं भज गोपालं ॥

જીવનમાં ઉતારીએ

મહાપુરૂષો બને તેટલું બધું, બને તેટલી જુદી જુદી રીતે કહી ગયા, લખી ગયા છે. આપણે રટીએ છીએ પણ ખરા, બોલીએ છીએ પણ ખરા, સાંભળીએ છીએ પણ ખરા. હવે જીવવાનું જ બાકી છે. જે આનંદ આવશે તે જીવવાથી આવશે. ભોજનની થાળી સામે પડેલી છે. આપણે જોઈએ છીએ, તેના ગુણગાન સાંભળીએ છીએ. પણ જ્યાં સુધી ખાઈશું નહીં ત્યાં સુધી ભૂખ ભાંગવાની નથી. એટલે જીવનમાં ઉતારીએ, વૈરાગ્ય કેળવીએ. પ્રભુપ્રેમને પ્રબળ બનાવીએ. સત્સંગતિનો આનંદ લૂંટીએ. થોડીક વિવેકવૃત્તિને જગાડીએ. વિવેકની જ્યોતિને જાગૃત કરીને, સંસારના પદાર્થોની ક્ષણભંગુરતાને યાદ રાખીને, મનને ઉપરામ કરીએ. સંસારમાં સરસ રીતે રહીએ. આપણા કર્તવ્યનું પ્રેમપૂર્વક અનુષ્ઠાન કરી છૂટીએ અને છતાં હૃદયમાં તો રામને જ રાખીએ. મન તો રામના ચરણોમાં જ રાખીએ તો જીવન ધન્ય બની જાય, આનંદમય બની જાય અને જે શાંતિ આપણે ઈચ્છીએ છીએ તે પણ મળી જાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

* * *

## ૩. પ્રવચન ત્રીજું

<u>પાસપોર્ટની આવશ્યકતા</u>

પરદેશમાં જવા માટે સૌથી પ્રથમ આવશ્યકતા પાસપોર્ટ મેળવવાની હોય છે. જે પરદેશ જવા માંગતા હોય અથવા તો જે ગયા હોય તેમને એનો સારી પેઠે અનુભવ હશે. જ્યાં સુધી પાસપોર્ટ મેળવવામાં ન આવે ત્યાં સુધી પરદેશ જવાનું કામ આગળ વધી શકે નહીં, ક્રિયાન્વિત બની શકે નહીં. પાસપોર્ટ થઈ જાય પછીથી જે આપણને બોલાવનાર હોય - જે સ્પોન્સર કરે, કોઈ સગા, મિત્ર કે કુટુંબી હોય અથવા તો કોઈ મહાપુરુષ હોય તો એમને સત્સંગ માટે સંસ્થા બોલાવતી હોય તેનો સ્પોન્સર લેટર આવે, પછીથી પરદેશ જવાનું કામ આગળ વધે. પાસપોર્ટ થઈ ગયા પછી સ્પોન્સરશીપ લેટર અને તે પછી વીઝા મેળવવાની પ્રવૃત્તિ કરવી પડે. વીઝા મળે પછી પ્લેનમાં બેસવાનું થાય. પછી જ્યાં જવાનું હોય ત્યાં જવાય. વીઝા આપે ત્યારે કેટલા દિવસ રહેવાનું છે તે પૂછવામાં આવે અને તે પ્રમાણે વીઝા આપવામાં આવે. વીઝા પૂરો થાય એટલે વળી પાછા પરદેશમાંથી સ્વદેશમાં આવવાનું બને.

<u>માનવશરીર - એક પાસપોર્ટ</u>

પાસપોર્ટ પ્રથમ આવશ્યક વસ્તુ છે. એવી રીતે સંતો ને શાસ્ત્રો કહે છે કે જે પણ જીવને પર-દેશ જવું હોય, પર એટલે ઉત્તમ, શ્રેષ્ઠ દેશ; સર્વોત્તમ દેશ પરમાત્માનો છે, ત્યાં; પૂર્ણતા પામવી હોય, મુક્તિ પામવી હોય, પરમ શાંતિની સરિતામાં સ્નાન કરવું હોય તે જીવને માટે સૌથી પ્રથમ તો પાસપોર્ટની જરૂર પડે છે. માનવ શરીર એ સૌથી સુંદર પાસપોર્ટ છે.

बड़े भाग मानुष तन पावा | सुर दुर्लभ सद् ग्रन्थन्हि गावा ||

साधन् धाम मोक्ष कर द्वारा | पाई न जेहिं परलोक सँवारा || उत्तरकाण्ड/4||

ઘણા ઘણા પુણ્યોના પરિણામ સ્વરૂપે માનવને સમસ્ત પ્રકારના સાધનોના ભંડાર જેવું, મોક્ષના મંગલમય મંદિરના દ્વાર જેવું આ માનવ શરીર પ્રાપ્ત થાય. જ્યારે ઉત્તમ પ્રકારનું ભાગ્ય ઉઘડે ત્યારે આ માનવ શરીર સાંપડે. સર્વ પ્રકારના સાધન ભજન દ્વારા તેને ધન્ય બનાવી શકાય. પોતાની સુખશાંતિ અને બીજાની સુખશાંતિને માટે પ્રયત્ન કરી શકાય. પોતાની સમુન્નતિ ને બીજાની સમુન્નતિને માટે પણ પ્રયત્ન કરી શકાય. બંધનોની નિવૃત્તિ કરી, મુક્તિનો મહામૂલો આનંદ પ્રાપ્ત કરવાને માટે શરીરનો સદુપયોગ થાય. આ શરીર પ્રાપ્ત કર્યા પછીથી દેવ પણ બની શકાય. પ્રભુ તુલ્ય પણ થઈ શકાય.

नर जो करनी करे तो नर का नारायण होय ।

પુરુષમાંથી પુરુષોત્તમ પદ પણ પામી શકાય અને જો કરણી ના કરે તો નરમાંથી ખર પણ થવાય. ખર જેવું જીવન થઈ જાય. પશુથી પણ બદતર. પશુ તો કોઈને કામ પણ લાગે. પરંતુ માનવ શરીર પામ્યા પછી કોઈને કામ પણ લાગી ના શકાય. કોઈને સુખશાંતિ આપી ના શકાય, ઉલટું દુઃખી બનાવાય. અવિદ્યારૂપી અંધકાર હોય તો પોતાનું જીવન દુઃખી બને તેની સાથે સાથે બીજાના જીવનને પણ દુઃખી બનાવાય. પ્રજ્ઞાના પવિત્ર પ્રકાશથી જો જીવન પ્રકાશિત બને તો માનવ પોતે સુખી બને, સાથે સાથે બીજાને પણ સુખી કરી શકાય.

આ માનવ શરીરરૂપી પાસપોર્ટ. પર-દેશ-પરમાત્માના દેશમાં પહોંચવાને માટે સૌથી પ્રથમ અમોઘ અસરકારક સાધન. અને પછી સ્પોન્સરશીપ લેટર એટલે સદગુરુની કૃપા. સદગુરુની કૃપા થઈ જાય એટલે પરમાત્માના પરમધામમાં જવા માટે, પરમાત્મા પ્રત્યે-અભિમુખ બનવા માટેનું જ્ઞાન પ્રાપ્ત થાય. તેને માટેની સાધના સાંપડે. તેને માટેનું મંગલ માર્ગદર્શન પ્રાપ્ત થાય.

<u>વીઝા - જીવનની સમયમર્યાદા</u>

અમે સાઉથ આફ્રિકાના ડરબન એરપોર્ટ પર ઉતર્યા એટલે અમને પૂછવામાં આવ્યું કે 'તમે આ દેશમાં કેટલું રહેશો?'

અમે કહ્યું, આશરે ચાર મહિના. અને વધારેમાં વધારે છ મહિના.

જેમણે અમને બોલાવ્યા હતા તેમણે અમને સૂચના આપેલી કે તમે છ મહિના કહેજો. પછી તમારે ઓછું રહેવું હોય તો તમારા હાથની વાત છે. અમારી પાસે છ મહિનાની મંજૂરીવાળો પત્ર હતો તે રજૂ કર્યો. પરંતુ પેલા ઓફિસરે ત્રણ મહિનાનો વીઝાનો સિક્કો માર્યો ને કહ્યું કે જો તમારે વધારે રહેવાની જરૂર પડે તો ફરી પાછા સંપર્ક સાધજો. વીઝા extend કરાવાશે.

ત્રણ મહિના પૂરા થયા એટલે પાછળથી વીઝા વધારવાની જરૂર પડી.

વીઝા વધારીને છ મહિનાનો કરાવ્યો પણ ખરો.

પ્રેમીજનોનો બહુ આગ્રહ હતો કે અહીં બધાને બહુ આનંદ આવે છે. ભારત જવાની શું ઉતાવળ છે. આખી જિંદગી અહીં રહો તો ઘણું સારું. એમ ન કરો તો છ મહિના તો રહો.

અમે કહ્યું, અમારે ભારતમાં પણ કાર્યક્રમ કરવાના છે.

વીઝા નક્કી થઈ જાય, તારીખ નક્કી થઈ જાય પછી એ પ્રમાણે આપણે ચાલવું પડે છે. ના ચાલીએ તો અપરાધ થાય. વીઝા વધારાય, પણ તારીખ તો પ્રથમથી જ મુકર્રર કરવામાં આવે.

પૂર્વ કર્મના સંસ્કાર પ્રમાણે દરેક જીવનો વીઝા નક્કી થઈ જાય કે આ જીવ પંચમહાભૂતના પીંજરમાં કેટલું રહેશે. કોઈને ચાલીસ વરસનો, કોઈને પચાસનો, કોઈને સાંઈઠનો, કોઈને સિત્તેર-એંસીનો. ભાગ્યે જ કોઈને સો વરસનો વીઝા નીકળે. કોઈને વળી માતાના પેટમાં જ ખલાસ થઈ જવાનો. ડોક્ટર ઓપરેશન કરે તો મરેલી અવસ્થામાં બહાર કાઢે. કોઈક વળી બહાર નીકળે તો થોડા વખત પછી વિદાય થઈ જાય. તેનો વીઝા લાંબો ન હોય. સમય મર્યાદા બહુ ટુંકી હોય. જેટલી જેની સમય મર્યાદા છે, જેટલા સમય માટે જેને વીઝા મળેલા છે, તેટલા સમયના વીઝા પૂરા થાય એટલે વળી પાછા તે દેશને ખાલી કરીને ચાલવાનું છે.

**दो दिन का जग में मेला सब चला चली का खेला ।** આ ચલાચલીનો મેળો છે. મેળામાં બધા આવે છે ને જાય છે. અનાદિકાળથી બધું ચાલ્યા જ કરે છે. ઋણાનુબંધો કામ કરે છે. એક દિવસ જવાનું છે તે નક્કી.

<u>જવા માટેની તૈયારી</u>

ઉપનિષદના ઋષિઓએ ખૂબ જ સુંદર ભાષામાં કહ્યું છે **क्रतो स्मर । कृतं स्मर ॥** સંસારની અંદર જે કાળદેવ છે તેનું સ્મરણ કરો. કાળનો પણ કાળ જે પરમાત્મા છે તેનું સ્મરણ કરો. એક દિવસ આ વીઝા પૂરા

થવાના છે. એક દિવસ અહીંથી ચાલવાનું છે. અને ચાલવાનું છે એટલે ચાલવા માટેની તૈયારી પણ કરવાની. ચાલતા પહેલાની તૈયારી તો કરવી પડશે ને?

અમારા વીઝા પૂરા થવાના હતા એટલે અમે વીસ દિવસ પહેલાં તૈયારી કરી દીધી.

એ લોકો ટાળવા માગતા હતા કે શું ઉતાવળ છે.

મેં કહ્યું, ટિકીટ લઈ લો. અમે ફોન પર સત્તાવીસ તારીખ આપી દીધેલી છે. અમે ગુજરાતી કવિતામાં જે રામચરિતમાનસ લખેલું છે તેના પ્રકાશકો અમદાવાદમાં મોટો વિમોચન સમારંભ કરવા માગે છે. મારી હાજરી ત્યાં જરૂરી છે. ત્યારે તેમણે માંડ અમારી ટિકીટ બુક કરાવી.

આપણી સમય મર્યાદા ઓછી છે. એક દિવસ તો ચાલવાનું જ છે. તો પછી તેને માટેની પ્રાથમિક તૈયારી કરો. તેને માટે મનની શાંતિ, મનનું જ્ઞાન, સત્કર્મનું અનુષ્ઠાન, પારાયણ, ધર્મમય જીવન - આ બધી તૈયારી કામ લાગે છે. પછીથી જીવનમાં શાંતિ આવે છે.

<u>સંસૃતિનું ચક્ર</u>

ચાલવાનું તો છે જ. એટલે શાસ્ત્રો કહે છે કે કાળનું સ્મરણ કરો. વીઝા પૂરા થાય છે. કર્મના સંસ્કારોનો અંત આવી જાય છે. જીવ ફરી એક વાર ચાલી નીકળે છે. એવી રીતે અનાદિકાળથી ચાલતો આવ્યો છે. આ કાંઈ પહેલો મુકામ નથી, આ કાંઈ છેલ્લો મુકામ નથી. છેલ્લો મુકામ કરવો એ જીવના હાથમાં હતું પરંતુ જીવ મોહાઈ ગયો. જગતના બગીચામાં આવીને જગતનાં જુદાં જુદાં ફૂલોને જોઈને, જુદાં જુદાં વૃક્ષોને વિલોકીને, વિવિધ ફળોનો સ્વાદ ચાખીને, પંખીઓના આહલાદક અવાજોને સાંભળીને આ જગતના બગીચામાં જીવ આસક્ત થઈ ગયો. મમત્વ કરીને બેસી ગયો. જે પોતાનું ન હતું, તેને પોતાનું માની બેઠો. તેને માટે રડવા લાગ્યો. વિદાય લેવાનો વખત આવ્યો ત્યારે વિરહથી વ્યથિત બની ગયો. પરંતુ જે ખરેખર પોતાનું હતું તેને માટે એક આંસુ પણ તેણે સાર્યું નહીં.

જે પરમાત્મા પોતાના જ હતા તે પરમાત્માને યાદ જો જીવ રડ્યો હોત તો તેને ધન્યતાની પ્રાપ્તિ થઈ ગઈ હોત. જો આમાંથી સોમા ભાગની વેદના પણ જીવે પોતાના સ્વ-દેશને માટે, સ્વ-રૂપને માટે, પરમાત્માને માટે, વેઠી હોત તો તે કૃતાર્થ બની ગયો હોત. પણ નથી વેઠી શક્યો, આંસુ નથી સારી શક્યો. કારણ કે અજ્ઞાનજન્ય જે મોહ છે તે મોહને લીધે સંસારના પદાર્થોની અંદર તેને આસક્તિ થઈ ગઈ છે. એ જગતના બગીચામાં આસક્ત થયો છે. બગીચો જેણે બનાવ્યો - જગતનો જે જગન્નાયક છે, પરમાત્મા છે, તેની અંદર તેને પ્રીતિ થઈ નથી. એટલે એણે ફરવાનું છે ! ભમવાનું જ છે, ચાલ્યા કરવાનું જ છે. જુદાં જુદાં ઘરોને ખાલી કરવાનાં જ છે. નવાં ઘરોમાં પ્રવેશવાનું છે. આમ એના જન્મ-મરણનો અંત આવવાનો જ નથી. એની સાથે સાથે દુઃખનો પણ અંત આવવાનો જ નથી. એ સંસૃતિના ચક્રમાં ચાલ્યા જ કરે છે.

જો પરમાત્માની અંદર એણે પ્રીતિ, મમતા, આસક્તિ કરીને સંસારના સર્વ પદાર્થોની અસારતાને સુચારુ રૂપે સમજીને એમાંથી પોતાના મનને ઉપરામ અથવા તો નિવૃત્ત કરી દીધું હોત તો એ આનંદથી ચાલ્યો ગયો હોત. પરમાત્માની સાથે એકરૂપ થઈ ગયો હોત. પરંતુ તેવું થઈ શક્યું નથી. હજુ પણ જીવ સમજતો નથી. એ બીજાની સ્મશાનયાત્રામાં સામેલ થાય છે. બીજાને સ્મશાનમાં લઈ જાય છે પણ પોતે જાગૃત થતો નથી કે મારે પણ આવી રીતે જવાનું છે તો હું પણ કંઈ તૈયારી કરું.

ઉપનિષદના ઋષિઓ કહે છે કે કાળદેવને યાદ કરો. સંસારની વિનાશશીલતાનો વિચાર કરો. સંસારની ક્ષણભંગુરતાનું સ્મરણ કરો અને પ્રભુમાં મન જોડવા માટે, આત્માનું અનુસંધાન સાધવાને માટે તૈયારી કરો. તો જીવન ધન્ય બની જશે. બાકી સંસારનું સ્વરૂપ તો આ જ પ્રકારનું છે. **जायते** પદાર્થો જન્મે છે. **वर्धते** વૃદ્ધિ પામે છે. **विक्रियते** એની અંદર વિકારો થાય છે અને પછીથી **विनश्यते** નાશ પામે છે, દેખાતાં બંધ થઈ જાય છે. આ રીતે સંસારના પદાર્થો પ્રકૃતિમાંથી બનેલા હોવાથી જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થાય છે. પરમાત્મા જ કેવળ અખંડ, અચળ, પરમાત્મા જ કેવળ સનાતન શાંતિ ને સુખના ભંડાર જેવા છે. ઋણાનુબંધોને લીધે જગત આખું ચાલે છે. ઋણાનુબંધો હોય તો જગતના જીવો એકમેકની સાથે રહી શકે. ઋણાનુબંધો પૂરા થાય એટલે જગતના જીવો છૂટા પડી જાય.

<u>મહાત્માને વિદાય આપવાનો પ્રસંગ</u>

એક મહાત્માને વિદાય આપવા માટે એક ભાઈને બહુ જ હોંશ હતી કે હું જરૂર વિદાય આપવાને આવીશ. મારી જ મોટર આવશે ને હું સ્ટેશન સુધી તમને પહોંચાડીશ.

મહાત્મા પુરુષે સ્મિત કરીને કહ્યું કે તમારે આવવાનો આગ્રહ ના રાખવો. મને તો સ્ટેશન સુધી પહોંચાડનારા કેટલાયે છે.

એમણે કહ્યું ના, હું પહોંચાડીશ. મને બહુ હોંશ છે. એટલે પછી તે શ્રીમંત પુરુષ પોતાની મોટર લઈને મહાત્મા પુરુષને તેમાં બેસાડીને સ્ટેશન ઉપર પહોંચાડવાને માટે આવ્યા. મોટરનું બારણું ઉઘાડ્યું પણ તે જ વખતે સાયકલ પર શ્રીમંત પુરુષનો છોકરો આવ્યો. છોકરાએ આવીને પિતાશ્રીને કાગળ આપ્યો. કાગળમાં લખેલું હતું તે શેઠે વાંચ્યું. તે શ્રીમંત પુરુષે કાગળને ખિસ્સામાં મૂક્યો. મહાત્મા પુરુષને પ્રણામ કરીને કહ્યું કે 'માફ કરજો, મારાથી સ્ટેશન પર નહીં આવી શકાય. આ ડ્રાઈવર તમને લઈ જશે. અહીંના એક બે કાર્યકર્તાઓને ભલામણ કરું છું. તે તમને સ્ટેશન પર લઈ જશે. ટ્રેનમાં સારી રીતે બેસાડી દેશે અને ટ્રેન ઉપડશે પછીથી તે બધા પાછા આવશે, મારાથી નહીં આવી શકાય.

મહાત્માએ પૂછ્યું, શું થયું ?

શ્રીમંત પુરુષે કહ્યું, મારી પત્ની બિમાર હતી, હોસ્પીટલમાં હતી, તેનું મરણ થઈ ગયું. છોકરો સમાચાર લઈને આવ્યો. હવે મારાથી એક સેકંડ પણ રોકાઈ શકાય નહીં. હોસ્પિટલમાં શિઘ્રાતિશીઘ્ર જવું જોઈએ.

મહાત્માપુરુષે આછું સ્મિત કર્યું અને કહ્યું કે 'મેં નહોતું કહ્યું કે તમે આવવાનો દુરાગ્રહ ના કરતા? મને તો બીજા કેટલાયે પહોંચાડશે.'

<u>ઋણાનુબંધ</u>

ભોજનની થાળી તૈયાર હોય પણ આપણે ખાવાનો ઋણાનુબંધ ન હોય તો અચાનક એવો પ્રસંગ બને કે ભાણા પર બેઠા હોઈએ ને ઊભા થઈ જવું પડે. અને આપણો ઋણાનુબંધ હોય તો કોઈએ આપણને આમંત્રણ ના આપ્યું હોય તો પણ 'દાને દાને પર લિખા હૈ ખાને વાલે કા નામ' પ્રમાણે આપણે ત્યાં જઈને ઊભા રહીએ અને આપણને ભોજન મળી જાય. આખું જગત કર્મના ઋણાનુબંધો પ્રમાણે કરેલાં કર્મોના સંસ્કારોને અનુસરીને ચાલે છે. જે માનવો આ સમજી જાય તેમને જ ભક્ત કહેવાય છે. તેમને જ જ્ઞાની

કહેવાય છે. યોગી કહેવાય છે. તે જીવનની અંદર સુખશાંતિને અનુભવી શકે છે. શાંત બની જાય છે. પ્રાપ્તિમાં પણ શાંત, અપ્રાપ્તિમાં પણ શાંત. લાભમાં પણ શાંત, હાનિમાં પણ શાંત. સંપત્તિમાં પણ શાંત અને વિપત્તિમાં પણ શાંત. જીવનમાં પણ શાંત ને મરણની પળોમાં પણ શાંત. મિત્રોની વચ્ચે પણ શાંત, દુશ્મનો-વિરોધીઓની વચ્ચે પણ શાંત. સર્વાવસ્થામાં શાંત. શાંત. શાંત. જેમણે પ્રભુની અંદર મનને જોડ્યું, જેમણે પોતાના જીવનમાં જ્ઞાન ને ભક્તિના રસને પ્રાપ્ત કર્યો, તે તો સદાને માટે શાંત રહે છે. એ સમજે છે કે આપણા વીઝા પણ એકવાર પૂરા થઈ જવાના છે અને બીજાના વીઝા કદાચ વહેલા પૂરા થઈ ગયા હોય અને તે જીવો સ્વદેશમાં ચાલ્યા ગયા હોય તો એમાં અફસોસ કરવાનું કોઈ કારણ નથી. દુઃખી થવાનું કોઈ પ્રયોજન છે જ નહિ.

<u>સમય જતાં દુઃખ હળવું બને</u>

આપણે તો નાનુંસરખું દુઃખ આવે તો પણ ભાંગી પડીએ, ઢીલા પડી જઈએ. થોડા દિવસો એવું લાગે. જગતનો નિયમ જ એવો છે કે માણસને થોડો વખત દુઃખ લાગે. પછી દુઃખ હળવું થતું જાય. વખતના વહેવા સાથે વળી નવેસરથી માણસ જીવતો થઈ જાય છે.

એક ભાઈનું લગ્ન થયેલું. તેમને ધર્મપત્ની પ્રત્યે તેમને ઘણો પ્રેમ. ધર્મપત્નીનું મરણ થઈ ગયું. તેઓ રડવા લાગ્યા. પત્નીના શરીરને સ્મશાનમાં લઈ ગયા. સાથે બીજા માણસો પણ હતા. એમનું રડવું બંધ થાય જ નહીં. એક બાજુ ધર્મપત્નીની ચિતા સળગે. બીજી બાજુ બે-ત્રણ માણસો એમને એક બાજુ લઈ ગયા કે ભાઈ હિંમત રાખો. એમનું મરણ થયું. એમનો સમય પૂરો થઈ ગયો. તમે જરા ધીરજ રાખો.

ભાઈ કહે, મારું સત્યાનાશ થઈ ગયું. બધું જતું રહ્યું.

લોકોએ સમજાવ્યા કે બધું નથી જતું રહ્યું. બીજી કન્યા તૈયાર છે. તમે શું કામ ચિંતા કરો છો. મહિના બે મહિના જવા દો. એટલે પેલા ભાઈના આંસુ ઓછા થઈ ગયા.

પછી તે ભાઈ દુઃખ ભૂલતા ગયા એટલે થોડા સમય પછી તેમનો વરઘોડો નીકળ્યો.

છ મહિના પછી એમની બીજી સ્ત્રીનું મરણ થયું ત્યારે પણ તે તેવું જ રડતા હતા.

ત્રીજી વાર પાછા લગ્ન કર્યા. એમ કુલ ચાર વાર લગ્ન કર્યા.

મારી પાસે આવ્યા એટલે મેં કહ્યું, શું કામ લગ્ન કરો છો?

તો મને કહે, યોગેશ્વરજી રોટલીની ચિંતા છે.

મેં કહ્યું, લોજ ઘણી છે. તમને રોટલીની ચિંતા નથી. તમને વિષયવાસના સતાવે છે. મૂળ મુદ્દો આ છે. તમે જપ કરો, ધ્યાન કરો, વિષયવાસનાને કાઢો. અને ખરેખર રોટલીની જ ચિંતા હોય તો કોઈ અનાથ બેન કે વિદ્યાર્થીને ઘરમાં રાંધવા માટે રાખો. તેને કપડાં આપજો, ચોપડા આપજો. તેની ભણવાની સમસ્યા હલ થાય.

મૂળ મુદ્દો વિષયવાસનાનો હતો એટલે એમણે ચાર-ચાર વાર લગ્ન કર્યા. સંતાનો થયા. આખરે તેમના વિઝા પૂરા થયા ને ગયા. તે વખતે તેમની સ્ત્રીની ઉંમર ઘણી નાની હતી. છોકરાંઓ પણ ઘણાં નાના હતા. આ વાતને વીસ વરસ થયા. હવે તો એમના છોકરાંઓ મોટા થઈ ગયા છે. સ્ત્રી ઘડપણની નજીક આવી છે.

સંસારમાં આવું ચાલ્યા કરે છે. ઘા પડે છે ને રુઝાતા જાય છે. કુદરતે ક્રમ જ એવો ગોઠવ્યો છે. પણ ઘામાંથી વૈરાગ્ય શીખે તેવા માનવો બહુ ઓછા છે. જખમ પડતા હોય તો પ્રભુ તરફ વળે તેવા જીવો બહુ ઓછા છે. તેવા જીવોનું કલ્યાણ થઈ જાય છે. સાધારણ માણસો સાધારણ દુઃખ પણ સહન કરી શકતા નથી. પ્રભુકૃપાથી જે જીવનની અસારતાને સમજે છે તે માનવો મોટા મોટા દુઃખો, કષ્ટો કે પ્રતિકૂળતાઓ પડે તો તેને શાંતિપૂર્વક સહન કરે છે.

મસૂરીની ચિત્રશાળાના ગુરૂજી

હિમાલયમાં જ્યાં અમે વરસોથી(૧૯૫૮થી) નિવાસ કરીએ છીએ તે મસૂરી. હીલસ્ટેશન, સમુદ્રસપાટીથી સાત હજાર ફીટ પર સ્થિત. તેના રાજમાર્ગ પર એક મોટું મકાન બળી ગયેલી અવસ્થામાં છે. પણ એક વખત એ મકાનની જાહોજલાલી હતી. ઉપર સ્કેટીંગ રીંક હતી. નીચે ચિત્રશાળા હતી. ત્યાં એક ચિત્રકાર હાથેથી સુંદર ચિત્રો દોરે. ગાંધીજીના અનન્ય ભક્ત. ખાદીના જ વસ્ત્રો પહેરે. સ્વરૂપ ઘણું સુંદર. નામ પણ બહુ સારું. રૂપકિશોર કપૂર. બધા તેમને ગુરુજી કહે. અમારા પર અતિશય પ્રેમ. સત્સંગમાં નિયમિત રીતે આવે. મસૂરીમાં અમારા હિન્દી ભાષામાં પ્રવચનો ચાર-ચાર મહિના સુધી ચાલે. એમાં એ નિયમિત રીતે આવે. એ કહેતા કે મને સત્સંગથી બહુ લાભ થયો.

સત્સંગનો પ્રભાવ

એક દિવસ એમની ચિત્રશાળાનું મકાન કોઈએ બાળી નાખ્યું. રાત્રીના વખતે. બધાએ ગુરુજીને કહ્યું કે ચિત્રશાળા બળી રહી છે બહાર નીકળી જાવ. જીવ બચાવો. એટલે પહેરેલા કપડે એ બહાર નીકળી ગયા. ચિત્રશાળા ભડકે બળતી હતી તે શાંતિથી જોતા રહ્યા. માણસોએ આવીને એમને આશ્વાસન આપ્યું કે તમારી ચિત્રશાળા બળી ગઈ. તો કહે ઋણાનુબંધ હતો ત્યાં સુધી ચિત્રશાળા મારી પાસે હતી. હું એને લઈને આવ્યો નહોતો. હું તો જીવું છું ને. ચિત્રશાળા તો મારા મનમાં છે. પ્રભુની કૃપા હશે તો નવા ચિત્રોનું સર્જન કરીશ. કેટલી બધી સ્થિરતા ! લાખો રૂપિયાની પ્રોપર્ટી પોતાની નજર સામે બળી રહી છે છતાં સ્વસ્થ.

એક ભક્ત કુટુંબ એમને પોતાને ત્યાં રહેવા લઈ ગયું. થોડા દિવસો સુધી પોતે ભાડે રહ્યા. લગભગ છ મહિના પછી ચાલીસ વરસનો એમનો યુવાન પુત્ર, જે કાશ્મીરમાં ગરમ કાપડની મિલનો જનરલ મેનેજર હતો, એનો અચાનક સ્વર્ગવાસ થઈ ગયો.

લોકો ગુરુજી પાસે ગયાને કહ્યું કે અરેરે આપકે લડકે કા સ્વર્ગવાસ હો ગયા.

તો ગુરુજી કહે, મેરે લડકે કા નહીં હુઆ. યે તો મેરે પાસ ચાલીસ સાલ સે હી થા. ઉસકે પહલે વો મેરા લડકા નહીં થા.

કેવી વાત. લોકો એમને આશ્વાસન આપવા આવતા હતા. ગુરુજી શાંત હતા. હું શું કામ રડું. હું પ્રાર્થના કરું છું કે પ્રભુ એને સદગતિ આપે.

એમનો એક શિષ્ય. મોટી ઉંમર થઈ ગઈ હોવાથી પોતે ચિત્રો દોરી શકતા નહીં. એમના શિષ્યો ચિત્રો દોરતા. એમનો એક શિષ્ય ઝાંસી નગરમાં રહેતો. વચ્ચે વચ્ચે એમની પાસે આવીને છ-સાત મહિના રહી જાય ને ચિત્રો દોરે. મુંબઈથી ટ્રેનમાં બેસીને દિલ્હી આવે. વચ્ચે ઈગતપુરી સ્ટેશન આગળ એક્સિડન્ટ થયો એમાં એનું મરણ થઈ ગયું.

ગુરુજીને ખબર પડી કે મારા શિષ્યનું મરણ થયું. તો કહે કંઈ નહીં. હવે હું એની સ્ત્રી અને છોકરાને પૈસા મોકલીશ જેથી છોકરાઓનું ભણવાનું બગડે નહીં.

એ પછી એમની પોતાની પત્ની જે એમના છોકરા પાસે રહેતી, તે છોકરાનું મરણ થયું એટલે મસૂરી આવી. એના મગજનું ઠેકાણું ઓછું અને શરીર રોગિષ્ટ. ગુરુજી એને પોતાના ઓરડામાં રાખે. રાતદિવસ સૂતેલી જ રહે. વચ્ચે વચ્ચે ગુરુજીને ક્રોધે ભરાઈને ગાળો પણ આપે. ગુરુજી શાંત.

મને ગુરુજી કહે, બહુ અશાંતિનું વાતાવરણ છે. મારી પત્ની બિલકુલ અનુકૂળ નથી. છતાં હું બને તેટલા પ્રેમથી એની સેવા કરું છું. તેનાથી રોગ સહન થતો નથી. એટલે હું પ્રાર્થના કરું છું કે પ્રભુ તેના જીવનનો અંત લાવે તો આ જીવ યાતનામાંથી છૂટી શકે. એનું મરણ ક્યારે થશે?

મેં કહ્યું, પ્રભુએ જ્યારે નક્કી કરેલું હશે તે ઘડીએ મરણ થશે. ઉતાવળા થાવ નહીં. શાંતિ રાખો.

એ બને તેટલી શાંતિ રાખતા હતા.

<u>ગુરુજીના મનની સ્થિરતા</u>

એક દિવસ તેની ધર્મપત્નીનું પણ મરણ થઈ ગયું.

બધા ગુરુજીને આશ્વાસન આપવા ગયા ત્યારે એમણે કહ્યું, કાંઈ નહીં. જેવી પ્રભુની ઈચ્છા. કાંઈ હરકત નહીં. આપણે આપણા જીવનનું કલ્યાણ કરીએ. આપણા જીવનને આપણે મમતારહિત, આસક્તિરહિત, રાગદ્વેષ રહિત, બનાવીએ.

ચિત્રશાળા બળી ગઈ. યુવાન પુત્રનું મૃત્યુ થયું, પોતાના શિષ્યને અકસ્માતમાં મૃત્યુ ભેટ્યું. પોતાની ધર્મપત્નીનું મરણ થઈ ગયું. પડોશ પણ ખરાબ. એ માણસ હંમેશા એમની ટીકા જ કર્યા કરે. એ સત્સંગમાં જવા રવાના થાય તો કહે ત્યાં શું જવા જેવું છે. એના કરતાં અહીંયા ગપ્પા મારીએ. પડોશ આવો છતાં પણ ગુરુજી સ્વસ્થ.

કેટલાક માણસો એમને પૂછતા કે તમારામાં આવી સ્વસ્થતા કેમ છે. સાધારણ માણસ તો જરા દુઃખ હોય તો પણ દુઃખી થઈ જાય. તમારું મન આવું સ્થિર કેમ?

ગુરુજી કહેતા, આ પ્રતાપ મહાત્મા યોગેશ્વરજીનો છે. હું એમના સત્સંગમાં જાઉં છું એનો આ પ્રભાવ છે. મેં એમના સત્સંગમાંથી એક જ વાત પકડી લીધી છે, એક જ ઉપદેશ

હું હરિનો, હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં;
જે હરિ કરશે તે મમ હિતનું એ વિશ્વાસ ત્યજાય નહીં.

પ્રભુ મારા મંગલને માટે જ બધું કરે. સાધારણ સંસારી માતાપિતા પણ પોતાના સંતાનનું અમંગલ વિચારી શકતા નથી. તો પછી જેનું શરણ આપણે લીધું છે તે પ્રભુ આપણું અમંગલ કેવી રીતે કરી શકે. સૌની અંદર મને મંગલનું દર્શન થાય છે. આટલી વસ્તુ મેં યોગેશ્વરજીના સત્સંગમાંથી મારા જીવનમાં વણી લીધી છે. એટલે હું સ્વસ્થ છું, શાંત છું.

એમને સત્સંગ પચી ગયેલો. સત્સંગની વાતો એમણે જીવનમાં વણીને આત્મિક ઉન્નતિ કરી લીધેલી. એને લીધે એમને જીવનમાં શાંતિ સાંપડેલી.

મારે મસૂરી જવાનું થાય તો દહેરાદૂન સ્ટેશને લેવા આવે. મસૂરીથી વિદાય થઈએ ત્યારે કેટલીકવાર દહેરાદૂન સુધી, તો કેટલીક વાર ઋષિકેશ સુધી ગુરુજી મૂકવા માટે આવે. ઉંમર ઘણી મોટી. ૮૬ વરસની ઉંમર. યુવાનની જેમ રોજના લગભગ આઠ થી નવ માઈલ ચાલે. અમારી સાથે રોજ સાંજના ફરવા નીકળે. ચાર થી પાંચ કલાક મારી સાથે ગાળે. રોજ પ્રવચનમાં હાજર થાય.

ગુરુજી કહે, યોગેશ્વરજી, જીવનમાં બહુ જ આનંદ છે. એકલો રહું છું. મારા હાથે જ રસોઈ બનાવું છું. મારા કપડાં પણ હું ધોઈ નાખું છું. ગાંધીજી પર બહુ પ્રેમ એટલે ગાંધીજીના પુસ્તકો વાંચુ છું.

એમના ઘરમાં ગાંધીજીના અને ગાંધીજી વિશેના કેટલાય ગ્રંથો. વાંચ્યા કરે. રામાયણ વાંચે, મહાભારત વાંચે.

એ કહે કે મને બહુ આનંદ આવે છે. આવો આનંદ જીવનમાં ક્યારેય નહોતો. પ્રભુએ બધું લઈ લીધું પણ આત્માનો આનંદ આપ્યો છે. આત્માની સ્થિરતા ને સ્વસ્થતા આપી છે.

મેં કહ્યું, તમારા પર પ્રભુની કૃપા ઉતરી છે.

એ કહે, હું એક જ વસ્તુ જાણું છું. જગતમાં જે આવે છે તે ઋણાનુબંધને લીધે પોતપોતાના વ્યાજ વસૂલ કરવા આવે છે. એ વસૂલ થઈ જાય એટલે જતા પણ રહે છે. આટલું હું સમજું છું. એટલે જે જાય છે એનો શોક નથી. જે આવે છે તેનો ઉલ્લાસ નથી. તટસ્થ રીતે હું જીવનને જોયા જ કરું છું. તમારી પાસેથી હું આટલું શીખ્યો છું. એને લીધે હું બહુ સુખી છું.

<u>અંતિમ મુલાકાત</u>

છેલ્લે મસૂરીથી નીકળ્યો ત્યારે મારાથી કહેવાઈ ગયું કે ગુરુજી, અબ મિલના નહીં હો સકેગા.

એમણે કહ્યું, એક બે વરસ આપણે મળીએ તોય ઘણું.

મેં કહ્યું, અબ નહીં હો સકેગા.

મારા પૂજ્ય માતાજી મારી સાથે ૩૨ વરસથી રહે. એમને લઈને ૧૯૭૭માં મારે ઈંગલેન્ડ જવાનું થયું. પછી માતાજી સાથે મારે ૧૯૭૮માં ઈંગલેન્ડ, અમેરિકા અને કેનેડા જવાનું છે. ૧૯૭૭માં જઈ આવ્યા પછી ને ૧૯૭૮માં જતા પહેલાં ગુરુજી મળ્યા ત્યારે મેં એમને કહ્યું, અબ શાયદ મિલના નહીં હો સકેગા.

અને ખરેખર તે જ વરસે ગુરુજીનો સ્વર્ગવાસ થયો. શાંતિપૂર્વક ગયા.

એમને ખબર પડી ગયેલી કે મારે જવાનું છે. એટલે કહેલું કે મને હોસ્પિટલ લઈ જતા નહીં. પણ માણસો બળજબરી એમને હોસ્પિટલ લઈ ગયા. એમને હાર્ટની બિમારી હતી. હજી તો હોસ્પિટલ લઈ જતા હતા ત્યાં જ રસ્તામાં એમનો સ્વર્ગવાસ થઈ ગયો.

વીઝા પૂરા થઈ ગયા એટલે આગળ ચાલ્યા. બીજા દેશમાં. જ્યાં સુધી વીઝા હતા ત્યાં સુધી અહીં રહ્યા. બધાનું આ રીતે જ બને છે. કોઈ અહીં **यावच्चंद्रदिवाकरौ** રહેવાનું લખાણ લઈને આવતું નથી. કોઈ અમરપટ્ટો લઈને આવતું નથી, એમ સમજીને પોતે પોતાના જીવનમાં શાંતિ મેળવવા, સુખ મેળવવા, બંધનોમાંથી મુક્ત થવા, મમતા ને આસક્તિને ઓગાળી નાખવા માટે પ્રયત્નો કરવા જોઈએ. પરંતુ જે દિશામાં પ્રયત્નો કરવા જોઈએ તે દિશામાં પ્રયત્નો કરાતા નથી. જીવન આમ ને આમ ચાલ્યું જાય છે.

કાળને યાદ કરો

એટલે ઉપનિષદો કહે છે તમે કાળને યાદ કરો - क्रतो स्मर कृतं स्मर ॥ જે અત્યાર સુધી કર્યું તેને યાદ કરો कृतं स्मर । યાદ કરો કે આ જીવનમાં આવીને શું કર્યું? બાલ્યાવસ્થા ખેલકૂદમાં પૂરી થઈ ગઈ. ત્યારે તો કંઈ ભાન હતું નહિ. યુવાવસ્થા આવી એટલે મનને મોહિની લાગી. ઈન્દ્રિયોના ઘોડાપૂર, વિષયોના ઘોડાપૂર બધી જ ઈન્દ્રિયોની અંદર જાગતા થઈ ગયા. એમાં જ્ઞાન ક્યાં હણાઈ ગયું ને તપ ક્યાં જતું રહ્યું ને મનની સ્થિરતાનો ક્યાં નાશ થઈ ગયો એની કાંઈ ખબર પડી નહિ. સંસારના પદાર્થોની કામનાઓ જ વધારે ભાગે મનને વળગી. કોઈક જ જીવો એમાંથી છૂટે.

મા સર્વેશ્વરીની દશા

મા સર્વેશ્વરીની જેવા કોઈક જ છૂટે. ચાલીસ વરસની ઉંમર. યુવાનીમાં મોટા ભાગના માનવો તો મોહાંધ થઈ જાય. ચોમાસામાં પૂર આવે ત્યારે ઝાડને ઊખેડીને ફેંકી દે એમ મોટા મોટા માણસોને પણ વિષયો સતાવે. એકાંતમાં રહેનાર યોગીઓને પણ કેટલીક વાર વિષયો મૂકતા નથી. અને મા ને જુઓ. એમને કોઈપણ જાતની વિષયોની મોહિની જ નથી. મારી પાસે કેટલાક વખતથી રહે છે. જાતિયતા શું એ એમને ખબર જ નથી. એ ચેપ્ટર એમના જીવનમાં ક્લોઝ છે. પવિત્રતા જ દેખાય છે. શરીરભાવ જ નથી. આત્મભાવ જ છે. પરમાત્માની કૃપા છે આ. આ યુગમાં જાતિયતામાંથી મુક્ત થવું બહુ જ અઘરું છે. જો બધા જાતિયતામાંથી મુક્ત હોય તો આપણે છાપાંમાં નસબંધી ને એવું બધું શું કામ વાંચીએ? પોતાની ઈચ્છાથી જ જો બધા પવિત્રતા અને સંયમનો માર્ગ કરતા હોય તો પછી આપણે ગોળીઓ કે કૃત્રિમ સાધનો શા માટે રાખવા પડે? એમાંથી મુક્ત થવાનું બહુ જ અઘરું. પ્રભુની પરમકૃપા હોય તો જ છૂટાય અને એ પણ યુવાનીમાં છૂટાય તો તો ઘણું જ સારું. વધારે ભાગના જીવો તો યુવાનીમાં મોહાંધ બની જાય. તે વખતે શું કરવું ને શું ન કરવું તેનો વિવેક રહેતો નથી. મા સર્વેશ્વરી જેવા કોઈક જીવોની અંદર જ તે વિવેકની જ્યોતિ જાગ્રત રહે ને પછી તે પ્રભુને માર્ગે આગળ ચાલે.

પછી આવે વૃદ્ધાવસ્થા. ચિંતાઓ સવાર થાય. વૃદ્ધાવસ્થામાં કોઈક જ માનવીનું મન સ્વસ્થ ને સ્થિર હોય. બાકી વૃદ્ધાવસ્થામાં શરીર બરાબર કામ કરવાનું નથી. મન પણ ઘસાઈ જાય. અનેક પ્રકારના નવા નવા પ્રશ્નો પેદા થાય. વૃદ્ધાવસ્થામાં કોઈકનું જ મન પરમાત્મામાં પરોવાયેલું રહી શકે છે. જીવન આમ ને આમ ચાલે. ઋષિ કહે છે કે યાદ કરો, અત્યાર સુધી આવીને શું કર્યું? આ માનવજીવનરૂપી પાસપોર્ટ લઈને તમે આવેલા. તમારે પર-દેશમાં જવાનું હતું. પરમાત્માના પરમધામમાં જવાનું હતું. પૂર્ણતા ને મુક્તિ મેળવવાની હતી. તમે તે દિશામાં કાંઈ સક્રિય પગલાં ભરી શક્યા? કે પછી ખાલી હાથે જ પાછા વિદાય થઈ જશો? આવું જીવન તમને ફરી ફરી મળવાનું નથી. હજુ પણ સમય છે. જો ચેતી શકાય, જાગ્રત થઈ શકાય, તો ઘણું બધું કામ થઈ શકે તેમ છે માટે હજી પણ જાગ્રત બનો.

ઉપનિષદના ઋષિએ ખૂબ સુંદર મંત્ર પૂરો પાડ્યો. 'ૐ કૃતં સ્મરં' કરેલું છે તે કર્મને યાદ કરો. સત્કર્મ કરવાનો સંકલ્પ કરો. અને સાથે સાથે 'ક્રતો સ્મર' - કાળનો પણ જે મહાકાળ છે તેને યાદ કરો. આ કેવો અમુલખ અવસર માનવજીવનના રૂપમાં આવ્યો છે તેનો વિચાર કરો. આવું સુંદર શરીર આપણને પ્રાપ્ત થયું. પવિત્ર પંચમહાભૂતનો પાસપોર્ટ મળ્યો. હવે જો આપણે સદગુરૂનું શરણ લઈએ, સદબુદ્ધિનું શરણ

લઈએ, બંધનોમાંથી મુક્ત થવાને માટે સંકલ્પ કરીને સાધનાત્મક પુરુષાર્થ કરીએ, તો આપણું જીવન ધન્ય બની જાય. કૃતાર્થ થઈ જાય.

*

<u>આવો અવસર ફેર ન આવે</u>

એટલા માટે મહાપુરુષો કહે છે -

આવો અવસર ફેર ન આવે.
માનવજીવન મોંઘું પામી, ફોગટ કેમ ગુમાવે ... આવો અવસર.
માન્યું મંદિર મુક્તિતણું આ જે તેથી પ્રભુ ધ્યાવે,
તેનાં બંધન તૂટે સઘળાં શાંતિ સનાતન પાવે ... આવો અવસર.
ઊઠ તજીને આળસ, પ્રભુની ભક્તિ કરી લે ભાવે,
સાગર સુખનો બની જશે તું, ગુણ જો પ્રભુના ગાવે ... આવો અવસર.
પ્રેમતણા સાગરમાં પાગલ ન્હાયે ને નવડાવે;
ભજી રહ્યો હું, તમેય પ્રભુજી ભજી લો મને ગાવે ... આવો અવસર.

*

ક્યા ભૂલીયા દિવાને દુનિયામેં સાર નહીં,
દિન ચારકા તમાશા, આખિર કરાર નાહી;
રાજા વજીર રાની, પંડિત સુવીર જ્ઞાની,
સબ હો ગયે હૈ ફાની, જીનકા સુમાર નાહી...ક્યા.

*

<u>ભગવાન બુદ્ધનો પ્રસંગ</u>

બુદ્ધ ભગવાનની પાસે એક બાઈએ જઈને રડવા માંડ્યું. પ્રભુ ! મારું બધું જતું રહ્યું. મારો એકનો એક દીકરો મરી ગયો. એને પાછો લાવી આપો તો સારું.

બુદ્ધે કહ્યું, બેન ! એવા ઘરમાંથી તું રાઈના દાણા લઈ આવ જ્યાં કોઈનું મરણ ના થયું હોય. અને તે બાઈ તો પ્રસન્ન થઈને બધે સ્થળે ફરવા માંડી. એક ઘર, બીજું ઘર, ત્રીજું ઘર, ચોથું ઘર. ક્યાંક માતા મરેલી, ક્યાંક પિતા મરેલા, ક્યાંક છોકરો મરેલો, ક્યાંક પતિ તો ક્યાંક પત્નીનું મૃત્યુ થયેલું. કોઈ ઘર એને એવું દેખાયું નહીં કે જ્યાં કોઈ વાર કોઈનું મરણ થયું જ ન હોય. આખરે એ પાછી આવી.

ભગવાન બુદ્ધને કહ્યું, કોઈ ઘર એવું દેખાતું નથી જ્યાં કોઈનું મરણ થયું ના હોય.

બુદ્ધે કહ્યું, સંસારનું સ્વરૂપ જ એવું છે. માટે મનને શાંત રાખો. વિવેકનો આધાર લો. સંસારના ચળકાટો, બહારના દેખાવો, એ બધામાં પરમાત્માની જે જ્યોતિ છે તેના દર્શન કરવાનો સંકલ્પ કરો. તો સુખી થશો. જો લાગણીવશ બનીને સંસારના પ્રવાહમાં તણાઈ જશો તો કરવાનું કામ રહી જશે અને ન કરવાના કામમાં એવા ફસાઈ જશો કે પછી બહાર નહીં નીકળી શકો. બધું જ નાશવંત કે ક્ષણભંગુર જ છે. એમાં અવિનાશી, સદા કાળને માટે રહેનારો કેવળ પરમાત્મા છે. એ પરમાત્માનું શરણ લેવું જોઈએ.

<u>સંસારની વિનાશશીલતાનો વિચાર</u>

ધીરા ભગતે એટલે જ કહ્યું છે

મન તુંહી તુંહી બોલે રે, આ સપના જેવું તન છે તારૂં;
અચાનક ઊડી જાશે રે, જેમ દેવતામાં દારૂ ... મન.

જાયું તે તો સર્વ જવાનું, ઊગરવાનો ઉધારો;
દેવ, ગાંધર્વ, રાક્ષસ, ને માણસ, સૌને મરણનો વારો;
પણ આશાનો મહેલ ઊંચો રે, નીચું આ કાચું કારભારૂં ... મન.

ચંચળ ચિત્ત ચેતીને ચાલો, જપો હરિનું નામ;
પરમારથ દૃઢ રાખો નિશ્ચય, હરિ ઠરવાનું ઠામ;
ધીરા ધરા ઉપર રે, નથી કોઈ રહેનારૂં ... મન.

ધીરો ભગત કહે છે સંસારની વિનાશશીલતાનો વિચાર કરીને નિરાશ થવાનું નથી. ગભરાઈ જવાનું નથી. ભયભીત બનવાનું નથી. પણ જે કરવાનું છે તે કામ જલદી કરવાનું છે. પ્રમાદને છોડવાનો છે.

ક્યારે જવાનું છે તે ખબર નથી પણ જવાનું ચોક્કસ છે. માટે રોજ રાત્રે સૂવા જાવ ત્યારે પ્રભુને પ્રાર્થના કરીને સુઈ જાવ કે પ્રભુ, સવારે જગાડશો તો તમારૂં નામ સારી રીતે લઈશ. કદાચ ન પણ જગાય. ઘણાં માણસો પથારીમાં જ શાંત થઈ જાય છે. જાગવું એ માણસના હાથની વાત નથી. એને એ શક્તિ જગાડે, ઋણાનુબંધ જગાડે, કર્મના સંસ્કારો જગાડે તો જાગે, નહિ તો ખલાસ. પથારીમાં શાંત થઈ જાય.

<u>એક ભાઈનો પ્રસંગ</u>

એક ભાઈ ઘરમાં કહીને ગયા કે આજે મને વધારે આનંદ છે. ગરમાગરમ શીરો ને પૂરી ખાવાની ભાવના થઈ છે. હું જરા બહાર કામ પતાવીને બે કલાકમાં આવું છું. રસોઈ બનાવજો પછી આપણે આનંદથી ખાઈશું. મેં મિત્રોને પણ જમવા માટે કહેલું છે.

એ ભાઈ હજુ તો ઘરનો દાદર જ ઉતર્યા ને થોડું ચાલ્યા ત્યાં છાતીમાં અચાનક ધબકારા વધવા લાગ્યા અને ત્યાં જ ધરતી પર ઢળી પડ્યા. ના પૂરી ખાઈ શક્યા કે ના શીરો ખાઈ શક્યા કે ના મિત્રોને મળી શક્યા. કાંઈ ખબર છે કે ક્યારે જવાનું છે.

અમને તો ખબર છે કે અમે હમણાં જવાના નથી. કારણ કે પ્રભુનું કામ કરવાનું છે. પ્રભુ કહે છે કે યોગેશ્વરજી હજુ તો તમારે બહુ રહેવાનું છે. હું કહું કે બહુ સારૂં, રહીશું તો તમારૂં કામ કરશું. અમારે ક્યાં અમારૂં કામ કરવાનું છે. અમારૂં તો બધું કામ થઈ ગયું. હિમાલયમાં તપ કરી, સાધના કરી ને શાંતિ મેળવી. પ્રભુની કૃપા મેળવી. અમારૂં કામ તો થઈ ગયું. હવે તમારૂં કામ કરવાનું છે. જો તમને એમ લાગે કે યોગેશ્વરજી સારૂં કામ કરે છે તો રાખજો. તમને ફાયદો છે. કારણ કે દુનિયામાં તમારી વાતો કરનારા પણ કોઈ જોઈશે ને.

બધાને ફુરસદ ક્યાં છે. મોટા ભાગનાં માણસો કમાવાની પાછળ છે. કોઈ સ્ત્રીની પાછળ છે, કોઈ ધનની પાછળ, કોઈ ધરાની પાછળ છે. ધન, ધરા ને રમા - ત્રણમાં જગત ડૂબેલું છે. આમાંથી છૂટ્યા હોય એ તમારી વાત કરેને. તમને એમ લાગતું હોય કે અમે જરૂરી છીએ તો રાખો.

તો કહે કે યોગેશ્વરજી રહેજો.

અમે કહીએ, તમારી ઈચ્છા છે તો રહીશું.

<u>હાર્ટ એટેકનો પ્રસંગ</u>

ત્રણ વરસ પહેલાં મને હાર્ટ એટેક આવેલો. અમદાવાદની વિવેકાનંદ હોસ્પિટલમાં દસ ડોક્ટરોએ ભેગા મળીને કહી દીધું કે યોગેશ્વરજી ૪૮ કલાકથી વધારે નથી. પણ અઠવાડીયા પહેલાં મને પહેલો હાર્ટએટેક આવ્યો ત્યારે મેં માતાજીને કહેલું કે મારી સ્થિતિ ગમે તેટલી ખરાબ થાય તો પણ તમે ચિંતા ના કરતા. તમે દુઃખી ન થતાં. હું બેઠો થઈ જવાનો. પ્રભુ મને કહે છે કે હજી મારે ઘણું જીવવાનું છે.

ડોક્ટરોએ તો કહી દીધેલું કે અડતાલીસ કલાકથી વધારે નથી. જેમને મોં જોવું હોય એમને તાર કે ટેલીફોન કરીને બોલાવો. મારી સેવામાં મોરબી હાઈસ્કૂલના બે શિક્ષકો રહેતા હતા. એમને મા સર્વેશ્વરીએ કહ્યું કે યોગેશ્વરજી આટલા જલદી નહીં જાય. મારો આત્મા એમ કહે છે. ત્રણ દિવસ સુધી એમણે પાણી પણ નહોતું પીધું. મારા માટે પ્રાર્થના કરતા હતા. પછીથી ઓગણીસ દિવસ સુધી છાશનો એક નાનો પ્યાલો જ લેતા હતા.

એ અડતાલીસ કલાક પણ વીતી ગયા. ત્રણ દિવસ મને ઓક્સિજન પર રાખ્યો. ત્રણ દિવસ ગ્લુકોઝના બાટલા ચઢાવ્યા. હલાય નહીં, ચલાય નહીં. પછી મેં ધીરેથી આંખ ઉઘાડી.

બહારના શહેરોમાંથી માણસો મળવા આવ્યા, મોં જોવા આવ્યા. કારણ કે ડોક્ટરોએ કહેલું. પણ પ્રભુ એમને મોંઢું જ નહીં હાથ, પગ, બધું જ જોવાનો અવસર આપવા માંગતા હતા. એટલે હું પાછો બેઠો થયો. એક મહિનો પથારીવશ રહ્યો. તે સમયે મા સર્વેશ્વરીએ નિર્ણય કર્યો કે સંસારની નોકરી કરવી કે ગુરુની કરવી? માનવતા શું કહે છે? પગાર લેવા સ્કૂલમાં જવું કે આ સ્થિતિમાં ગુરુની સેવા કરવી? મનુષ્યતા શું કહે છે? એમને થયું કે મનુષ્યતા સેવા કરવી એમ જ કહે છે. એટલે એમણે સંકલ્પ કર્યો ને રાજીનામું આપી દીધું. મને તો પૂછી શકે એમ હતા નહીં.

એ પહેલાં જ્યારે હું કપુરા આવ્યો ત્યારે ઈશ્વરભાઈની હાજરીમાં મેં તેમની ડાયરીમાં લખી આપેલું કે તમે ડીસેમ્બર મહિનામાં સર્વીસ છોડી દેશો. તમારું જીવન પ્રભુના માર્ગે જવા માટે જ છે.

એ તો ભૂલી ગયેલા. પાછળથી એમણે ડાયરી જોઈ તો યાદ આવ્યું કે યોગેશ્વરજીએ કહેલું, તમારા ગુરુને તમારી જરૂર પડશે. તે મુજબ ડીસેમ્બરમાં રાજીનામું મૂકી દીધેલું. બે વરસ પહેલાં લખેલું તે પ્રમાણે જ થયું. આ તો ઋણાનુબંધની વાત છે.

<u>સત્સંગપ્રૂફ શ્રોતાઓ</u>

પ્રવચનો તો કેટલાય સાંભળે છે. બધાને એવું કંઈ થાય છે?

બે-ત્રણ ભાઈઓ મારા પ્રવચન સાંભળતા હતા. તેઓ ઊભા થયા ત્યારે કપડાં ખંખેરવા લાગ્યા.

મેં પૂછ્યું કે કંઈ લાગ્યું? કીડી ચઢી?

તો કહે ના, અમને કંઈ લાગે નહીં. એને અહીંયા જ રાખીને જઈએ. અમારે તો હજુ સંસારના કામ કરવાના. આ બધું ચોંટે તો?

આને ઉસ્તાદ કે સીઝન્ડ શ્રોતાઓ કહેવાય. જેમ વોટરપ્રુફ કોટ આવે જેમાં પાણી જાય જ નહીં એમ આ સત્સંગપ્રુફ શ્રોતાઓ. એમને સત્સંગ લાગે જ નહીં. તો વળી કેટલાક એવા હોય કે તેજીને ટકોરો. સાંભળીને નિયમ લઈ લે કે ધ્યાન ધરવું જ છે, જપ કરવા જ છે. સિગરેટ પીતા હોય તો છોડી દેવી છે. દારૂ પીતા હોય તો છોડી દેવો છે. માંસ નથી ખાવું. સવારે વહેલા ઊઠી જવું છે. અત્યાર સુધી ગમે તે થયું. હવે કોઈનું બગાડવું નથી. કોઈની નિંદા કરવી નથી. જીવન સુધારવું છે. આવા શ્રોતાઓ પણ છે. કાંઈ બધા જ સત્સંગપ્રુફ થોડા હોય છે?

મા સર્વેશ્વરી એવા હતા નહીંતર સુરતમાં તો કેટલા બધા શ્રોતાઓ આવે. દસ-પંદર વરસથી અમારા પ્રવચનો થાય. એકેક મહિના માટે થાય. એમાંથી આ પાણીદાર પાત્ર નીકળ્યું. પ્રભુના માર્ગે જ જવું છે. બધું મૂકી દેવું છે. ભલે લોકો ગમે તે કહે. બહુ હિંમત જોઈએ. નીડરતા જોઈએ. લોકોપવાદનો જરા પણ ભય ન જોઈએ. પુરુષને નીકળવાનું કદાચ સહેલું પણ સ્ત્રીને નીકળવાનું ઘણું અઘરૂં. માણસો ફોલી ખાય.

હું તો એક મહીના પછી માંદગીમાંથી બેઠો થયો. ડોક્ટરો આવ્યા તો નવાઈ પામ્યા. પ્રભુની ઈચ્છા હતી એટલે હું બેઠો થયો. જેણે મને મોકલ્યો છે તે પાછો નહીં બોલાવે ત્યાં સુધી હું કઈ રીતે જઈ શકવાનો. તમે તેમની ઈચ્છાને નહીં સમજી શકો. એ તમારા પણ ડાક્ટર છે. સમસ્ત જગતને જાણનારા. જે એનું શરણ લે છે એને આનંદ છે. જે એનું શરણ લે છે તે સ્વસ્થતાપૂર્વક જીવે છે. જે એનું શરણ લે છે તેની આગળ બધા પડદા ઉઘડી જાય છે.

સંતો અમે વહેવારીયા રામનામના.
આવે સૌ વેપારી ગામગામના.

રામ રાખે તેમ રહીએ. સારી વાત છે. પરમાત્માની શરણાગતિ માનવનું કલ્યાણ કરે છે. પરમાત્માનું સ્મરણ કરવાથી શરણાગતિ આવે છે. પછી પરમાત્મા આપણું ધ્યાન રાખે છે. પછી કોઈ ચિંતા સતાવતી નથી. શોક થતો નથી. મોહ થતો નથી.

### મરણપ્રસંગમાંથી બોધ

મરણના પ્રસંગમાંથી આપણે આપણા જીવનને નવું રૂપ આપવાના સંકલ્પો કરવા જોઈએ. નવા નિયમો લેવા જોઈએ. એવું નહિ કે આ લોકાચાર છે કે કોઈ મરણ થયું તો દસ કે પંદર દિવસ પ્રાર્થના કરવા ભેગા થઈએ. સારી વાત છે. ગામગપાટા મારીએ એના કરતાં પ્રાર્થના કરીએ તેમાં શું ખોટું? પ્રાર્થના કરીએ તો વાતાવરણ પવિત્ર થાય. વાયુમંડળ વિશાદ બને. આપણને લાભ થાય. પણ એવું નહિ કે ટાઈમ પૂરો થઈ ગયો. આઠ કે દસ દિવસનો તો પાછા ચોરે બેઠા. એવું નહીં. રોજ પ્રાર્થના કરવાની છે. મરણ પછી કોઈને માટે પ્રાર્થના કરી હવે આપણે માટે પ્રાર્થના કરવાની છે. આપણે પણ એકવાર તો જવાનું જ છે. આપણી પાછળ કોઈ પ્રાર્થના ના પણ કરે કદાચ. તો આપણે જીવીએ છીએ ત્યાં સુધી પ્રાર્થના ના કરી લઈએ? કશું ઉધાર રાખવાની જરૂર નથી. પ્રભુનું સ્મરણ કરીએ. જીવનને બને તેટલું નિર્મળ કરીએ. નિત્ય નિરંતર પ્રાર્થના

અને પ્રભુ સ્મરણનો આધાર લઈએ તો જીવતાં જ આપણને આનંદ પ્રાપ્ત થાય. સદ્ગતિની પ્રાપ્તિ થઈ જાય. જવાનું થાય ત્યારે કહીએ કે અમે ચાલીએ છીએ.

માતાજીની અંતિમ અવસ્થા

અમારા માતાજી હતા તે પોણા બે મહિના પહેલાં કહેતા હતા, પથારીમાં પડ્યા ત્યારે કહેતા હતા કે આ મારી છેલ્લી પથારી છે. હવે આમાંથી હું બેઠી નહીં થઈ શકું. આ મરણપથારી છે. પાંચ દિવસ બાકી રહ્યા ત્યારે માતાજીએ બધાંને કહ્યું કે પાંચમે દિવસે જવાનું છે. તપસ્વિની હતા. હિમાલયના એકાંતમાં વરસો સુધી રહેલા. જંગલોમાં વાઘ અને રીંછની વચ્ચે રહેલા. પ્રભુએ એમને એ જ્ઞાન આપેલું. અને ખરેખર પાંચમે દિવસે જ એમનું શરીર છૂટ્યું. શાંતિથી. એમના ભાઈ આવ્યા. એમણે પૂછ્યું કે કાંઈ કહેવું છે તો કહે કાંઈ નહીં. તમે પ્રભુનું ભજન કરજો. તે જ કામ લાગશે.

પડદા ઉઘડી જાય છે જીવના અને જીવ પ્રભુ સાથે એકરૂપ બને છે. એને માટે જ આ માનવજીવનરૂપી પાસપોર્ટ આપણને પ્રાપ્ત થયો. હવે એનો ઉપયોગ આપણે કરવો કે ના કરવો તે આપણા હાથની વાત છે. જે ઉપયોગ કરે તે સુખી થાય છે, શાંતિ પામે છે. આપણા જીવનનું ઘડતર કરીએ. વધારે ને વધારે પ્રમાણમાં પ્રભુ પ્રત્યે અભિમુખ બનીએ તો આપણને શાંતિ સાંપડે. બાકી જવાનું તો ચોક્કસ જ છે. સૌને માટે-વહેલું કે મોડું. કોઈ હસીને જાય, કોઈ રડીને જાય. કોઈ સમજીને જાય, કોઈ સમજ્યા વગર જાય. કોઈ પાછળ સુવાસ મૂકીને જાય, તો કોઈ દુર્ગંધ મૂકીને પણ જાય.

કેવું જીવન જીવવું

કેટલાક જાય તો માણસો રાહતનો દમ ખેંચે કે બધાને પજવતો હતો, સારું થયું ગયો. અને કેટલાક જાય તો બધા રડવા માંડે. અરેરે ગયા ! બહુ સારા હતા હોં ! એ દુઃખીઓને દિલાસો આપતા, બીજાને મદદરૂપ થતા. આપણે જઈએ ત્યારે લોકો કેવી પ્રતિક્રિયા આપે તે આપણા હાથની વાત છે. એટલે કબીરે કહ્યું છે કે તમારું જીવન ચાદર જેવું છે. એને ડાઘ ના લાગે એવી રીતે જીવો. ઈશ્વરે જેવું નિર્મળ જીવન આપેલું તેવું જ નિર્મળ તમે ઈશ્વરને સમર્પિત કરી દો. પ્રભુ, લો આ તમારી ચાદર. આ મનુષ્ય શરીરરૂપી ચાદર તમારી સંપત્તિ હતી. અમે એનો ઉપયોગ કર્યો. એની ઉપર ડાઘ પડવા દીધા નથી. કોઈ વાર ડાઘ પડ્યો તો તેને ધોઈ નાખ્યો છે. આ જીવન અમે તમને પાછું આપીએ છીએ. તમારી સંપત્તિ, તમારી થાપણનો તમને જેમ ઠીક લાગે તેમ ઉપયોગ કરો. આવી રીતે આપણે જીવનની ઉદાત્તતા, નિર્મળતાને અનુભવી શકીએ તો જીવન જીવ્યા તેમ ગણાય.

નિંદ્રા – મરણની નાની આવૃત્તિ

પ્રત્યેક પળે મરણને યાદ રાખીએ. પથારીમાં સૂઈએ ત્યારે મરણ અને સવારે ઊઠીએ ત્યારે પાછું જીવન. ઊંઘના આઠ કલાક કે નવ કલાક તમને કાંઈ ખબર જ હોતી નથી. શ્વાસ શરીરની અંદર હોય એ બહાર જતો રહે તો મરણ. એટલે જ્યારે સુવા જાવ ત્યારે મનને ખાલી કરી દેજો. કોઈ ખાનગી વાત હોય તો કહી દેજો. કદાચ જગાય કે ના પણ જગાય. પ્રભુમાં મન પરોવજો. કદાચ જગાય કે ના પણ જગાય.

નિદ્રા તો મરણની નાની સરખી પ્રેકટીસ છે. એક જાતનું રિહર્સલ છે. એવું સમજીએ તો આપણે આપણા મનને ઉપરામ કરી શકીએ. પરમાત્મપરાયણ કરીને પરમાત્મામાં જોડી શકીએ.


ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

* * * * *

સમાપ્ત

* * * * *

**શ્રી યોગેશ્વરજી**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ – ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય . મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા .સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ .૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું .એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા .મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી .એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો .જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો .એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી .હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો .આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે .આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા .સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય . શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની .એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ ,ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય .તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે .એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું .એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે .એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું .શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા .એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા .ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો .આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ .૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો . તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે .ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

# શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં(In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A Hermit in the Himalayas)

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય -▪ મા સર્વેશ્વરી એક પરિચય -

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ દર્પણ ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા

**ભજનો** અભીપ્સા ▪ અર્પણ ▪ અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર)▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મિણી ▪ ગાંધી ગૌરવ ▪રસામૃત (રામકૃષ્ણ)

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર)▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**પ્રવચનો** **અમર જીવન** ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

**For more information**
**on the Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**